


# અનંત સંસારનો માર્ગ
# કે
# મોક્ષનો માર્ગ

જય મહાવીર

જય ગુરુ સમરથ　　　　જય ગુરુ ચમ્પક

# અનંત સંસારનો માર્ગ કે મોક્ષનો માર્ગ

**एवं पमोक्खो** = આમ પણ મોક્ષ થાય

**न मुसंति पास** = એને મિથ્યા ન સમજો

**एस पमोक्खे अमुसे** = આ રીતે થનાર મોક્ષ મિથ્યા નથી

**वरे वि** = શ્રેષ્ઠ પણ છે

**अकोहणे सच्च रए तवस्सी** = જે કષાય કરે નહીં, ઈમાનદારી થી સંયમ પાળે અને તપસ્વી જીવન જીવે.

**સૂત્રકૃતાંગ સૂત્ર અ.૧૦ ગાથા–૧૨.**

આગમ મનીષી
શ્રી ત્રિલોકચન્દજી જૈન
રાજકોટ







**પ્રકાશક** : શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ

[પુષ્પાંક–૧૧૨]

**સમ્પાદક** : આગમ મનીષી શ્રી ત્રિલોકચન્દજી જૈન

**પ્રકાશન સમય** : એપ્રિલ – ૨૦૧૫

**પ્રથમ આવૃત્તિ** : પ્રત – ૫૦૦

**મૂલ્ય** : ૫૦/–રૂ.

**પ્રાપ્તિસ્થાન:** **શ્રી ત્રિલોકચન્દજી જૈન**
'ઓમ સિદ્ધિ'
૬, વૈશાલીનગર, રૈયા રોડ,
**રાજકોટ**–૩૬૦ ૦૦૭ (ગુજરાત)
**Mo.** 98982 39961 / 98980 37996

E-MAIL : agammanishi@org
www.agammanishi.org
jainlibrary.e.org

# એકલ વિહારથી મુક્તિ : એકચર્યા

**एगत्तमेयं अभिपत्थएज्जा, एवं पमोखो, न मुसं ति पास ।
एस पमोक्खे अमुसे वरे वि, अकोहणे सच्च रए तवसी ॥**

**અર્થ :–** સમૂહમાં આધાકર્મ આદિ દોષોની શુદ્ધિ ન થઈ શકે તો મુનિએ એકલા રહેવાનું પણ સ્વીકારી લેવું જોઈએ. એવું કરવાથી પણ મોક્ષ મળી શકે છે, તે મિથ્યા ન સમજવું. સૂત્રકૃતાંગ સૂત્ર અ.૧૦ ગાથા–૧૨.

સાધુ ને એકલા વિચરવાનો એકાંતે નિષેધ કોઈ પણ શાસ્ત્રમાં નથી. એકલા વિચરવાની પ્રેરણાવાળા અનેક વર્ણન આગમમમાં છે. આગમ, ભાષ્ય, ટીકા વગેરે અનેક પ્રમાણોનું સંકલન અહીં ત્રણ વિભાગોમાં ૧૦+૧૫ +૭ = ૩૨. પ્રમાણો ક્રમશઃ આપ્યા છે. તેને ધ્યાનથી વાંચવા.

**એકલ વિહાર :–**

જૈન આગમોમાં તેમજ ગ્રંથોમાં અનેક સ્થળોએ જુદા-જુદા રૂપથી એકલ વિહાર સંબંધી વર્ણન ઉપલબ્ધ છે. આ આગમ વર્ણિત એકલ વિહાર મુખ્યત્વે બે વિભાગમાં વિભાજિત કરી શકાય છે–**૧.** એકલ વિહાર પડિમા **૨.** એકલ વિહાર ચર્યા. **અથવા ૧.** અપરિસ્થિતિક એકલ વિહાર(વિશેષ તપરૂપે સ્વીકારેલ) અને **૨.** સપરિસ્થિતિક એકલ વિહાર (શારીરિક કે માનસિક અથવા સામાચારિક પરિસ્થિતિને વશ થઈને સ્વીકારેલ)

**(૧)અપરિસ્થિતિક એકલ વિહાર–** આભ્યંતર કે બાહ્ય કોઈ પણ પરિસ્થિતિમાં ન સપડાયા હોવા છતાં વિશેષ કર્મ નિર્જરા માટે આગમ વર્ણિત વિશિષ્ટ તપ સાધના–સમાચારી પાલન કરવા માટે ગુઢ કે ગચ્છાધિપતિની આજ્ઞા લઈ સન્માનપૂર્વક ગચ્છથી અલગ થઈ વિચરણ કરે છે, તે એકલવિહારી પડિમાધારી કહેવાય છે અથવા તે અપરિસ્થિતિક (કોઈપણ પરિસ્થિતિ વિના તપ માટે) એકલ વિહાર કરનાર કહેવાય.

**અપરિસ્થિતિક એકલ વિહાર સંબંધી આગમ સ્થળ :–**

**(૧) દશા. દ. ૭માં–** અગિયાર ભિક્ષુ પડિમાનું વર્ણન છે.

**(૨) વ્યવ. ઉ.૫. તથા બૃહ. ઉ.૬માં–** જિનકલ્પ નું વર્ણન છે.

**(૩) ઠાણાંગ ઠા. ૩માં–** એકલ વિહારના મનોરથનું વર્ણન છે.







**(૪) ઠાણાંગ ઠા. ૮માં–** એકલ વિહારની ગુણ સંપન્નતાનું વર્ણન છે.

**(૫) સૂય.સૂત્ર,શ્રુત.૧,અધ્ય.૨,ઉ.૨માં–** એકલા વિચરવાના સ્થાન, શય્યા, આસનનું તથા ત્યાં સમાધિમાં રહેવાનું કથન છે.

**(૬) ઉત્તરા.સૂત્ર, અધ્ય.૨૯ માં–** સંભોગ પચ્ચક્ખાણથી બીજી સુખ સમાધિની પ્રાપ્તિનું વર્ણન છે, તથા ત્યાંજ સહાય પચ્ચક્ખાણ કરવાથી સંવર, સંયમ અને સમાધિની વૃદ્ધિ તેમજ ક્લેશ આદિની અલ્પતાનું વર્ણન છે.

**(૭) આચા.સૂત્ર,શ્રુ.૧,અધ્ય.૮,ઉ.૪,૫,૬,૭માં–** વસ્ત્ર સંબંધી વિશિષ્ટ અભિગ્રહધારી સાધુનું વર્ણન છે, તથા સેવા કરવી, ન કરવી કે કરાવવી, ન કરાવવી એ સંબંધે ચૌભંગીયુક્ત વર્ણન છે.

**(૮) દશા.દ.૪માં–** શિષ્ય ને એકલ વિહારી સમાચારી (વિવેક-વર્તન-આચરણ) શિક્ષા શીખવવાથી આચાર્યને શિષ્યના ઋણથી ઋણમુક્ત થવાનું વર્ણન છે.

**(૯) ઉવવાઈ સૂત્ર તેમજ ભગ.સૂત્ર,શ.૨૫,ઉ.૭માં–** તપના વર્ણનમાં (તપના જે પ્રકારો કહ્યા છે તેમાં) વ્યુત્સર્ગ નામના અભ્યન્તર તપ માં ગણ (સાથે વિચરનાર સાધુ સમૂહનો) ત્યાગ કરવો એ પણ તપનો પ્રકાર કહ્યો છે.

**(૧૦)** અનેક આગમોમાં વર્ણિત વિશિષ્ટ અભિગ્રહ તેમજ મોયપડિમાઓ વગેરે એકલા રહીને કરવામાં આવે છે.

આ સર્વેય અપરિસ્થિતિક એટલે વિશેષ તપ માટે સ્વીકારેલ એકલ વિહાર સંબંધી આગમ સ્થળ છે.

**(૨)સપરિસ્થિતિક એકલ વિહાર–** ગચ્છ સંબંધી, શરીર સંબંધી અથવા આત્મ સમાધિ સંબંધી કોઈ પરિસ્થિતિથી ગચ્છનો ત્યાગ કરવો પડે તેમજ એવી પરિસ્થિતિને અનુકૂળ કોઈ સાથી ન મળે તો પોતાની પરિસ્થિતિની જાણકારી આપી ખુલાસો કરી, ગચ્છ ત્યાગ કરી જે એકલા વિચરણ કરે છે તેને સપરિસ્થિતિક એકલ વિહારી(પરિસ્થિતિને વશ થઈ એકલ વિહાર ચર્યાવાળા) સાધુ કહેવાય છે.

**સપરિસ્થિતિક એકલ વિહારી સંબંધી આગમ સ્થળ :–**

**૧. ઠાણાંગ સૂત્ર ઠા.૩ માં–** આત્મ સુરક્ષાના ત્રણ ઉપાયોના કથનમાં અંતિમ કથન પોતાની જાતને(ગચ્છથી)અલગ કરી લેવાનું દર્શાવેલ છે.

**૨. ઉત્તરા.સૂત્ર,અધ્ય.૨૭માં–** શિષ્યો તરફથી અસમાધિ પ્રાપ્ત થવાથી ગર્ગાચાર્યનું એકલા ગમન તેમજ બાદમાં મોક્ષગમનનું વર્ણન છે.

**૩. ઉત્તરા.અધ્ય.૩૨માં–** આત્મશાંતિ-આત્મસમાધિની ઈચ્છા રાખનાર સાધુને યોગ્ય સાથી ન મળે, જિન શાસનમાં અનેક શ્રમણો હોવા છતાં પણ પુણ્યાંશોની નિર્બળતાના કારણે કોઈ શિષ્ય ન મળે(જેમ કે ગર્ગાચાર્યને) તો એકલા વિચરણ કરવાની આજ્ઞા તેમજ શિક્ષા(શિખામણ) આપવામાં આવેલ છે.

**૪. દશવૈ.સૂત્રની બીજી ચૂલિકા–** તેનું નામ જ વિવિક્તચર્યા રાખવામાં આવેલ છે, તેમાંની દશમી ગાથામાં યોગ્ય સાથી ન મળે તો એકલા વિચરણ કરવાની આજ્ઞા આપવામાં આવેલ છે, તથા અધ્યયનની સમાપ્તિ સુધી એકલા સાધુને અનેક પ્રકારની સાવધાની રાખવાની શિક્ષા આપવામાં આવેલ છે. ચૂર્ણિકાર શ્રી અગસ્ત્યસિંહ સૂરીએ પણ કહ્યું છે કે એ ગાથાઓમાં એકલ વિહારમાં ભિક્ષુએ કેવી રીતે રહેવું, તે વિષયમાં સૂત્રકાર કહે છે. આ ચૂર્ણિકાર શ્રી અગત્સ્યસિંહ સૂરી આજથી ૧૩૦૦ વર્ષથી પણ વધારે પ્રાચીન સમયમાં થયા છે.

આ પ્રકારની પરિસ્થિતિને વશ થઈને સ્વીકારેલ એકલ વિહારચર્યાને નવ પૂર્વી માટે કહેવું એ અજ્ઞાનદશા છે, પૂર્વજ્ઞાનના ધારી તો કોઈ પણ પરિસ્થિતિ ને વશ થયા વિના કેવળ તપ સાધના માટે એકલ વિહાર કરે છે.

**૫. આચા.સૂત્ર,શ્રુત.૧,અધ્ય.૬,ઉદ્દે.૨માં–** શુદ્ધ એષણા તેમજ સર્વેષણાની અભિઢચિથી એકલા વિહાર કરતાં-કરતાં આરાધના કરનારનું વર્ણન કરવામાં આવેલ છે.

**૬. સૂય.સૂત્ર,શ્રુત.૧.,અધ્ય.૧૦ ગાથા ૧૧,૧૨માં–** આધાકર્મ દોષયુક્ત આહારની ઈચ્છા રાખવી કે આધાકર્મી દોષ સેવતા હોય તેની સાથે રહેવું, આ બંનેનો નિષેધ કરતાં શોક-પરિતાપ રહિત બની કર્મનો ક્ષય કરવાની પ્રેરણા સાથે એકત્વને(એકલવિહારી પણાને) સ્વીકાર કરવાની પ્રેરણા કરવામાં આવેલ છે. સાથે એ પણ આ✓ાસન આપવામાં આવેલ છે કે 'એકલવિહાર' થી પણ મોક્ષ મળી શકે છે, એવો વિ✓ાસ રાખો, જૂઠું ન સમજો; આવા સમયે જો ભિક્ષુ ક્રોધાદિ કષાય ન કરે અને સંયમમાં સત્યનિષ્ઠ રહે તો તેનું અવશ્ય કલ્યાણ થાય છે.

**૭. વ્ય.સૂત્ર ઉદ્દે. ૬ માં–** એકલવિહારી ભિક્ષુએ કેવા ઉપાશ્રયમાં એકલા કેવી રીતે રહેવું, તે વર્ણન છે તથા તેને બહુશ્રુત હોવો જોઈએ તેમ નિર્દેશ છે.

**૮. વ્ય.સૂત્ર,ઉદ્દે. ૮માં–** પરિસ્થિતિને વશ થઈ ને એકલ વિહારી સાધુની વૃદ્ધાવસ્થાનું વર્ણન છે, તેમાં છત્ર, લાઠી, ચર્મ, ચર્મછેદનક વગેરે ઉપકરણોનું કથન છે. અહીં એવું વિધાન કરવામાં આવેલ છે, કે એ ભિક્ષુ ઉપરોક્ત દર્શાવેલ







ઉપકરણોને ભિક્ષા આદિ કાર્યમાં સાથે ન રાખી શકે તો કોઈ ગૃહસ્થ ને તેની સુરક્ષાની જવાબદારી સોંપીને જઈ શકે છે અને કાર્ય સમાપ્તિ બાદ આવી ને તેને સૂચિત કરીને ગ્રહણ કરી શકે છે. જો કે જિનકલ્પી કે પડિમાધારી સાધુની આવી સ્થિતિ હોતી નથી, તેઓ તો એકાંત ઉત્સર્ગ વિધિ થી(અપવાદ કે દોષ સેવન વિના) અને ઓછામાં ઓછા ઉપકરણોથી નિર્વાહ કરે છે, અને કોઈની પણ મદદની ઈચ્છા રાખ્યા વગર સંયમ તપની આરાધના કરે છે.

**૯.આચા. શ્રુત.૧,અધ્ય.૫,ઉદ્દે.૧માં–** પોતાની પ્રકૃતિ અને ખરાબ સ્વભાવના કારણે દોષિત આચરણ સહિત સંયમ જીવન જીવનાર એકલવિહારીનું વર્ણન છે.

**૧૦. બૃહ. ઉદ્દે.૪માં–** યથાયોગ્ય, આગમમાં વર્ણિત હોય તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત સ્વીકાર ન કરનારને ગચ્છથી અલગ કરી દેવાનું વિધાન છે. તે પ્રમાણે અન્ય અપરાધના કરનારને કે અનુશાસનનો સ્વીકાર ન કરનારને પણ ગચ્છમાંથી કાઢી નાખવામાં આવે છે. તો અસહાય બની એકલ વિહાર ચર્યા ધારણ કરે છે.

**૧૧. ઠાણાંગ સૂત્ર ઠા.૫માં–** ગણ ત્યાગ કરવાના અનેક કારણ આપવામાં આવેલ છે, જેમાં ગચ્છની અવ્યવસ્થા સંબંધી તેમજ સંયમ જીવનની વિધિઓના 'યથાવત્ અનુસરણ' સંબંધી છે, આ કારણોસર ગણ ત્યાગ કરવાની આજ્ઞા આપવામાં આવેલી છે તથા **બૃહ.ઉદ્દે.૪માં–** સંયમ ગુણોની વૃદ્ધિ થાય તેવા ગચ્છમાં ભળી જવાની આજ્ઞા છે, પરંતુ સંયમ ગુણોની પોતાના ગચ્છની સરખામણીથી હાનિ થતી હોય તો તેવા ગચ્છમાં જવાનો સ્પષ્ટ નિષેધ છે અને તેવા ગચ્છમાં જો ગયા હોય તો તે માટે નિશીથસૂત્ર,ઉદ્દે.૧૬ માં ચોમાસી પ્રાયશ્ચિત્તનું કહ્યું છે. આવી પરિસ્થિતિમાં પણ તે ગણ ત્યાગી ભિક્ષુનો એકલ વિહાર સંભવિત છે.

**૧૨. વ્ય.સૂત્ર, ઉદ્દે.૧માં–** આચાર્ય, ઉપાધ્યાય, ગણાવછેદક, તેમજ સામાન્ય સાધુ કે જેમણે પોતાની સમજણથી એકલવિહાર ચર્યા સ્વીકારેલ હોય, તેઓ તે એકલ વિહાર ચર્યા ત્યાગી ફરીથી ગચ્છમાં જોડાવા ઈચ્છે, કુશીલ સાધુ વિગેરે પણ પોતાની આવી(એકલવિહાર ચર્યા) અવસ્થાનો ત્યાગ કરી ફરી ગચ્છમાં આવવા ઈચ્છે તો તે દરેક ને ગચ્છમાં સમાવી લેવાનું વિધાન છે. જો કે આવા સાધુને લીધા પહેલા ગચ્છ વ્યવસ્થાના હેતુથી પ્રશસ્ત કે અપ્રશસ્ત બધાજ એકલ વિહાર ચર્યાવાળા માટે પ્રાયશ્ચિત્ત રૂપે યથાયોગ્ય તપ કે દીક્ષા છેદ કરીને લેવાનું વર્ણન છે એકાંત દીક્ષા છેદનું કથન નથી.

શિથિલાચારી સાધુ માટે એક શરત એ પણ છે કે, જો તે સાધુ ને હજુ થોડી સંયમ અવસ્થા બાકી રહી હોય તો તેને તપ અથવા છેદ પ્રાયશ્ચિત્ત આપીને ગચ્છમાં સમાવવા. આ વાતનો મતલબ એ છે કે શિથિલાચારી સાધુને યોગ્ય લાગે તો ફરી દીક્ષા આપીને લેવામાં આવે છે. પરંતુ સર્વ એકલ વિહારી માટે આ શરત નથી. અહીંયા એકલ વિહાર ચર્યાવાળા માટે 'પડિમા' શબ્દ વાપરવામાં આવેલ છે, પરંતુ તેને માત્ર શૈલી વિશેષ જ સમજવી જોઇએ, પરંતુ (તપરૂપે સ્વીકારેલ એકલ વિહાર) પડિમાવાળા ન સમજવા. કારણકે તેઓ તો આજ્ઞાપૂર્વક, અભ્યાસપૂર્વક તેમજ પરીક્ષાપૂર્વક પડિમા સ્વીકાર કરે છે, વચ્ચેથી છોડીને આવવાની ઈચ્છાનો તો ત્યાં પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, પડિમાઓ પૂર્ણ કરીને ગચ્છમાં પાછા આવવા પર તેમને આદર પૂર્વક ગચ્છની અંદર સમાવી લેવામાં આવે છે. તેના માટે છેદ કે તપ પ્રાયશ્ચિત્તની જરૂરિયાત રહેતી નથી. આ રીતે આ વિધાન પણ સપરિસ્થિતિક એકલ વિહારચર્યા સંબંધી છે તથા ગચ્છમાં અવ્યવસ્થા ન સર્જાય તેના માટે ગીતાર્થ,અગીતાર્થ, પ્રશસ્ત–અપ્રશસ્ત કારણવાળા, આદિ વિકલ્પોથી તપ કે છેદ યુક્ત પ્રાયશ્ચિત્તના જુદા-જુદા પ્રકાર થાય છે.

**૧૩. વ્યવ.સૂત્ર,ઉદ્દે.૧માં–** પરિહાર તપ પ્રાયશ્ચિત્ત વહન કરવાવાળા ભિક્ષુનું સેવામાં એકલા જવાનું વર્ણન છે. આ પણ સાધુનું પરિસ્થિતિ વશ થઈને સ્વીકારેલ એકલ વિહારીપણું છે જોકે આ એકલવિહારીપણું ગચ્છ નિર્ગત નથી, પરંતુ ગચ્છની અંતર્ગત સેવાના હેતુથી ઉદ્ભવેલ છે. આ વર્ણન મુજબ અન્ય સાધુને સેવામાં કે ગચ્છ આજ્ઞાથી ક્યાંક એકલા જવાનું કે રહેવાનું પણ માનવામાં આવે છે. આવા એકલ વિહારમાં ભિક્ષુ સેંકડો માઈલ પણ જઈ શકે છે અને અનેક દિવસો કે મહિના સુધી પણ એકલો રહી શકે છે.

**૧૪. વ્યવ.સૂત્ર,ઉ.૧માં–** સપરિસ્થિતિક એકલ વિહાર કરનારનું ગ્રામ,નગર વગેરેની બહાર અરિહંત ભગવંત તેમજ સિદ્ધ ભગવંતની સાક્ષીએ આલોચના કરવાનું વર્ણન કરવામાં આવેલ છે. ગચ્છગત સાધુ માટે આ સ્થિતિ હોતી નથી. ત્યાં તો ગુરુ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર વગેરે અનેક બહુશ્રુત આલોચના સાંભળવા માટે યોગ્ય હોય છે.

આ સર્વે એકલવિહારીના આગમ વર્ણનોનો સારાંશ એ જ છે કે પરિસ્થિતિથી એકલ વિહારચર્યા સ્વીકારી પ્રશસ્ત સંયમ જીવનમાં જ વિચરણ કરનાર ફરી ગચ્છમાં આવવા ન ઈચ્છે તો તે સાધુને એકલ વિહારીપણાનું કોઈ







પ્રાયશ્ચિત્ત નથી આવતું તેમજ તે સંયમની આરાધના કરી શકે છે. જો તે ગચ્છમાં આવવા ઈચ્છે તો એકલવિહારનો પ્રાયશ્ચિત્ત લઈને ગચ્છમાં પુનઃ દાખલ થઈ, આરાધના કરી શકે છે.

પરિસ્થિતિને વશ થઈ સ્વીકારેલ એકલ વિહારીપણા માટે પૂર્વ જ્ઞાન કે ત્રણ સંહનન વગેરેની પ્રરૂપણા કરવી ઉચિત ન કહેવાય, પરંતુ સંયમ રુચિ, ત્રણ વર્ષની દીક્ષા પર્યાય, ૪૦ વર્ષની વય હોવી તે તો સૂત્ર પ્રમાણ મુજબ પણ જરૂરી છે.બિન જરૂરી કે ગેરવ્યાજબી કારણોસર વિહાર કરનાર એકલવિહારી શ્રમણ શિથિલાચારીનો દરજ્જો પ્રાપ્ત કરે છે અને સંયમનો વિરાધક બને છે.

**૧૫. ઠાણાંગ સૂત્ર ઠા.૭માં–** ગણાપક્રમણના સાત કારણ કહેવામાં આવેલ છે જેમાં સાતમા કારણમાં એકલ વિહાર પ્રતિજ્ઞા ધારણ કરવાનો સંકલ્પ છે. અહીં ગણાપક્રમણનું કથન હોવાથી આ એકલવિહાર સપરિસ્થિતિક છે. અપરિસ્થિતિક (વિશેષ તપ ત્યાગ માટે સ્વીકારેલ એકલવિહારી પણું) એકલવિહાર રૂપ પડિમા ધારણ કરવાને ગણાપક્રમણ કહેવામાં આવતું નથી. તે તો આચાર્યની નિશ્રા તેમજ સંપદામાં જ ગણવામાં આવે છે.

## (૩) એકલ વિહારી સંબંધી અન્ય વિધાન :–

**૧.આચા.સૂત્ર,શ્રુત.૧, અધ્ય.૫, ઉદ્દે.૪માં–** અવ્યક્ત તેમજ અશાંત સ્વભાવવાળાને એકલવિહારનો નિષેધ કરવામાં આવેલ છે. તેમજ તેનું અહિતકારી પરિણામ બતાવેલ છે.**'જ્ઞાનથી–બહુશ્રુત ન હોય તે 'અવ્યક્ત' છે. વયમાં–સોળ વર્ષથી પૂર્વ 'અવ્યક્ત' છે. સંયમ પર્યાયથી–ત્રણ વર્ષથી પૂર્વ 'અવ્યક્ત' છે.'**

**૨. સૂય.સૂત્ર,શ્રુત.૧,અધ્ય.૧૪માં–** વર્ણન છે, કે પાંખ આવ્યા પહેલાં પંખી માળામાં રહે તો જ તેની સલામતી છે, તેવી જ રીતે સાધુને 'અવ્યક્ત' અવસ્થા સુધી ગુરુકુળમાં જ રહેવું શ્રેયકર છે, ન કે સ્વતંત્ર વિચરણ કે એકલવિહારચર્યા.

**૩. વ્યવ.સૂત્ર ઉદ્દે.૩માં–** નવદીક્ષિત(૩વર્ષ), બાળક(૧૬વર્ષ) તેમજ તરુણ(૪૦ વર્ષ) વય સુધીના ભિક્ષુઓને આચાર્ય-ઉપાધ્યાયના નેતૃત્વ વિના રહેવાનો એકાંતે નિષેધ કરેલ છે. અહીંયા એવું પણ કહેવામાં આવેલ છે કે આવી ત્રણ અવસ્થાના સાધુ હંમેશા(આચાર્ય-ઉપધ્યાય) બેના નેતૃત્વમાં જ રહે છે. સારાંશ એ જ કે આ ત્રણ અવસ્થાવાળાને ગચ્છથી મુક્ત એકલવિહાર ચર્યા ધારણ કરવાનો સ્પષ્ટ નિષેધ છે. કોઈ પણ પરિસ્થિતિ હોય, આ ત્રણ, અવસ્થા સુધી તો ધૈર્ય રાખી ગચ્છવાસી(ગચ્છ સાથે) બની રહેવું જરૂરી છે.

આ સૂત્રથી એમ પણ સ્પષ્ટ છે કે આચાર્ય-ઉપાધ્યાય વિના કોઈ સાધુને કે સાધુગણને રહેવું એ આગમથી ઉચિત રીત ન કહેવાય. કારણકે આ સૂત્રમાં પ્રશ્નના જવાબમાં કહેવામાં આવેલ છે કે શ્રમણ-નિર્ગ્રંથ હંમેશા આચાર્ય અને ઉપાધ્યાયના નેતૃત્વ નીચે જ રહે છે, મતલબ કે આ બંને પદવીધારકની નિશ્રા વિના કોઈ સાધુ કે સાધુગણનું રહેવું સર્વથા અનુચિત છે, તેમજ આગમ વિરુદ્ધનું પગલું છે. પરિસ્થિતિને વશ થઈને કયારેક રહેવું પડે તો તે અલ્પકાલીન-ટૂંક સમય માટે સમજવું. અલ્પકાલીન લીધેલ અપવાદ(છૂટ)ને હંમેશા માટે રાજમાર્ગ બનાવી લેવો ઉચિત ન ગણાય અને તેની પુષ્ટિ કરવી તે તો અનુચિત જ છે.

વિશાળ ગચ્છ(સાધુ સમૂહ) માટે વ્યવ.ભાષ્ય,ઉદ્દે.૧ માં પાંચ પદવીધારી હોવાનું જરૂરી બતાવ્યું છે. યથા– (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) ગણાવછેદક (૫) સ્થવિર. અગર આમાંથી કોઈ પદવીધારી જે ગચ્છમાં ન હોય તો તે ગણનો ત્યાગ કરી દેવો, તેવો ઉલ્લેખ ભાષ્યમાં કરવામાં આવેલ છે, તથા આવા પદવીધારી વિનાના ગણમાં રહેવાથી ઉત્પન્ન થતી અસમાધિની અવસ્થાઓનું ત્યાં દષ્ટાંત પૂર્વક વિવેચન કરવામાં આવેલ છે.

ઉચિત તો એ જ છે, કે દરેક ગચ્છ આચાર્ય, ઉપાધ્યાય યુક્ત હોય, ત્યારે જ તે પરમેષ્ઠી મંત્ર મુજબ બને છે. આ પદો માટે શાસ્ત્ર આજ્ઞા સ્પષ્ટ છે, એવી સ્થિતિમાં આ પદોને હાનિપ્રદ માની પદાધિકારી વિના ગચ્છ ચલાવવો ઉચિત કે શાસ્ત્રોક્ત નથી, પરંતુ એ તો તીર્થંકર કે ગણધર ભગવંતની આશાતના જેવું થાય છે.

**૪. વ્યવ.ઉદ્દે.૪ તથા ૫માં–** આચાર્ય-ઉપાધ્યાય કે પ્રવર્તિની ને એકલા વિહાર કરવાનો સ્પષ્ટ નિષેધ છે. બૃહત્કલ્પ ઉદ્દેશક ૫ માં સાધ્વીએ ગોચરી વગેરે કાર્ય સંબંધે એકલા જવાનો સ્પષ્ટ નિષેધ છે.

આ વર્ણનોમાં સાધુ-સાધ્વી બંનેના કલ્પ, અકલ્પોનું વર્ણન હોવા છતાં અહીં સામાન્ય સાધુ માટે એકલવિહાર, ગોચરી આદિનો નિષેધ કરેલ નથી.

**૫. બૃહ.ભાષ્ય,ગાથા ૬૯૦માં–** ગીતાર્થનું સ્વરૂપ બતાવતા આગળ કહ્યું છે, કે ગીતાર્થનું એકાકી વિહારી પણું હોઈ શકે છે. તે સિવાય અન્ય ગીતાર્થ, અગીતાર્થ બધા શ્રમણો ગીતાર્થ આચાર્ય તેમજ ઉપાધ્યાયના નેતૃત્વમાં જ રહે છે.

**૬. વ્યવ.સૂત્ર,ભાષ્ય ઉદ્દે.૧માં–** એકાકી વિહારચર્યાના કારણો બતાવેલ છે. જેમ કે– (૧) રોગાંતક (મહામારી) (૨) દુર્ભિક્ષ (૩) રાજદ્વેષ (૪) અન્યભય (૫) શારીરિક કે માનસિક ગ્લાનિ (૬) જ્ઞાન-દર્શન કે ચારિત્રની વૃદ્ધિના હેતુથી







(૭) સાથી કાળધર્મ પામવાથી (૮) આજ્ઞાથી સેવામાં એકલા જવાનું બને.

**૭. ઓઘનિર્યુક્તિમાં** એકલ વિહાર ચર્યાના બે પ્રકાર કહ્યા છે– (૧) સકારણ (૨) અકારણ. **(૧) સકારણ–** ગીતાર્થ સાધુનું જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિના ઉદ્દેશથી કે આગમોક્ત અન્ય પરિસ્થિતિના કારણે કરવામાં આવેલ એકલ વિહારને **સકારણ** કહેવામાં આવે છે. **(૨) અકારણ–** અનુશાસનથી ગભરાઈ, મનને અનુકૂળ આવે તેવા સ્થાન, ક્ષેત્ર, આહાર, વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરવાના હેતુથી અથવા અનેક સ્થળો જોવાના હેતુથી; કરવામાં આવેલ એકલવિહાર(ભલે તે ગીતાર્થ હોય) **અકારણ** છે. તે સિવાય અગીતાર્થોનો એકલવિહાર હંમેશાં અકારણ જ હોય છે મતલબ કે અગીતાર્થોને એકલવિહાર કરવાનો સર્વથા નિષેધ છે. ગીતાર્થને સકારણ એટલે પ્રશસ્ત કારણોથી વિહાર કરવાનું અનુમત છે. અપ્રશસ્ત કારણોથી એકલવિહાર કરવાનું ગીતાર્થને પણ નિષેધ છે.

**ઉપસંહાર–** ગીતાર્થ અને બહુશ્રુત શબ્દ એકાર્થે–સમાનાર્થેજ વપરાય છે. જ્યાં આગમકાર બહુશ્રુત શબ્દનો પ્રયોગ કરે છે ત્યાં વ્યાખ્યાકાર ગીતાર્થ શબ્દનો પ્રયોગ કરે છે. બંનેની(ગીતાર્થ તેમજ બહુશ્રુતની) વ્યાખ્યા સમાન છે, જેમ કે– **૧.** આચાચંગ, નિશીથ સૂત્ર ને અર્થ સાથે ધારણ કરનાર કે કંઠસ્થ કરનાર જઘન્ય ગીતાર્થ તેમજ બહુશ્રુત છે. **૨.** આચારાંગ, સૂયગડાંગ તેમજ છેદ સૂત્રના મૂળ તેમ જ અર્થ ને ધારણ કરનાર મધ્યમ ગીતાર્થ તેમજ બહુશ્રુત છે. **૩.** નવપૂર્વથી ઉપરનું જ્ઞાન ધરાવતા જ્ઞાનીને ઉત્કૃષ્ટ ગીતાર્થ–બહુશ્રુત કહેવામાં આવે છે. **[બૃહત્કલ્પ ભાષ્યપીઠિકા ગાથા ૬૯૩ અને નિશીથ ચૂર્ણિ પીઠિકા ગાથા–૪૦૪.]**

જે સાધુ જઘન્ય ગીતાર્થ કે બહુશ્રુત ન હોય તેને આચાર્ય, ઉપાધ્યાય પદ તેમજ એકલવિહારચર્યાનો નિષેધ છે. તેમનું સંઘાડાના પ્રમુખ બની સ્વતંત્ર વિચરવું કે, ગોચરીએ જવું તે પણ નિષેધ છે.

આગમોમાં એકલ વિહારના ઉપરોક્ત પ્રમાણો હોવા છતાં એકાંત રૂપે એકલવિહારીપણાને આગમવિરુદ્ધ કહેવું, કે તેવું પ્રરૂપણ કરવું ન્યાયયુક્ત ન કહેવાય. સમજુ પાઠક આગમોમાં શ્રદ્ધા રાખી, આપેલ આ પ્રમાણોમાંથી સાચો નિર્ણય લઈ એકાંત પ્રરૂપણા કે દૂષિત વિચારોથી બચવું જોઈએ. સ્વતંત્ર રીતે સંઘાડા પ્રમુખ બની વિચરનારની યોગ્યતાનું પણ ગચ્છમાં ધ્યાન રાખવું જોઈએ. તેમજ એકલવિહાર કરતાં પણ પદરહિત ગચ્છ વ્યવસ્થા ચલાવવી અતિઅહિતકર અને આગમથી વિપરીત સમજવી જોઈએ.

**એકલવિહારના ઉપરોક્ત પ્રમાણોથી એવું સ્પષ્ટ થાય છે કે– ૧.** ભિક્ષુનો એકલવિહાર એક વિશિષ્ટ સાધના છે તેમજ કોઈને શારીરિક કે માનસિક પરિસ્થિતિમાંથી નીકળવા માટે આ એક અવલંબન ભૂત અવસ્થા છે. જેની આગમોમાં ઘણી બધી જગ્યાએ સ્પષ્ટરૂપથી આજ્ઞા તેમજ પ્રેરણા પણ છે. આવું આપેલા પ્રમાણોથી સમજી શકાય છે.

**૨.** આચાર્ય, પદવીધારી સાધુ તેમજ સાધ્વી માટે એકલ વિહારનો પૂર્ણ નિષેધ છે. સામાન્ય સાધુ માટે કોઈ પણ આગમમાં પૂર્ણ નિષેધ નથી, આ સ્પષ્ટ અને સત્ય વાત છે તેની ઉપેક્ષા કરવી, એ આગમથી વિરૂદ્ધ પ્રરૂપણા છે.

**૩.** આગમમાં અવ્યક્ત ભિક્ષુ માટે તથા અનુપશાંત અનાત્માર્થી ભિક્ષુ માટે એકલ વિહારનો નિષેધ છે. કાચા સાધકોને અપરિપકવ પંખીની ઉપમા આપી ગુરૂકુળ વાસ આવશ્યક ગણાવ્યો છે. આનાથી સ્પષ્ટ થાય છે કે વ્યક્ત, ઉપશાન્ત, શાંત, આત્માર્થી તેમજ બહુશ્રુત ગીતાર્થને એકલવિહારનો નિષેધ નથી.

અનેક દષ્ટિકોણોથી ભરપૂર આવા આગમ વર્ણન ઉપલબ્ધ હોવા છતાં જે પોતાને વિદ્વાન માનીને એકાંત પ્રરૂપણા કરે છે, તે સાચાં આગમ પક્ષકાર નથી, પરંતુ તેઓ ગાડરિયા પ્રવાહની વૃત્તિવાળા બની આગમોને બંને આંખે જોવાના પ્રયત્ન નહિ કરવાવાળા છે. તેઓ એક આંખથી જોવાની વૃત્તિવાળા એક ચક્ષુ વ્યક્તિ છે તેમ સમજવું. તે મહાનુભાવોએ આવા આગમયુક્ત આ સંકલનનો અભ્યાસ કરી, મનન કરીને એક ચક્ષુમાંથી દ્વિચક્ષુ બનવું જોઈએ અર્થાત્ આગમ વર્ણિત ઉભયપક્ષના દષ્ટિકોણોને સમજી અનેકાંત સિદ્ધાંતનો સ્વીકાર કરવો જોઈએ. ત્યારે જ તે પોતાને વિદ્વાન માનનારાઓ શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રના આરાધક બની શકે છે. વિશેષમાં–**(૧) આગમ વિરૂદ્ધ એકાંત પ્રરૂપણા કરવી મહાપાપ છે.**

**(૨) અનેકાન્ત સત્ય સ્વીકારવું પરમ ધર્મ છે.**

**(૩) અકલ્પનીય એકલ વિહાર કરવો જિનાજ્ઞાની ચોરી છે.**

**(૧) વિશિષ્ટ એકલવિહાર–** ભિક્ષુની બાર પડિમા, મોયપડિમા, ચંદ્ર પડિમા વગેરે વિશિષ્ટ નિયમ અભિગ્રહ તેમજ સંપૂર્ણ રાત્રિના કાયોત્સર્ગ વગેરેથી યુક્ત પડિમાઓ ઈત્યાદિ સાધનાઓ વિશિષ્ટ સંહનનવાળા જ ધારણ કરી શકે છે અને તે સર્વે ય ગુરૂ નિશ્રામાં આચાર્યની સંપદામાં કહેવાય છે.

**(૨) નિષિદ્ધ એકલવિહાર– ૧. આચા.સૂત્ર,શ્રુત.૧,અધ્ય.૫, ઉદ્દે.૪માં–** અવ્યક્તનો એકલવિહાર નિષિદ્ધ છે. **૨. આચા.શ્રુ.૧,અ.૫, ઉ.૧માં–** ક્રોધી,







માની, ધૂર્ત વિગેરેનો એકલ વિહાર દૂષિત કહેવામાં આવેલ છે. **૩. સૂય. શ્રુ.૧, અધ્ય.૧૪માં–** અલ્પ દીક્ષા પર્યાયવાળા ને સ્વતંત્ર વિહાર નિષેધ છે.

**૪. વ્ય.સૂત્ર,ઉદ્દે.૩,સૂ .૧૧,૧૨માં–** નિર્દિષ્ટ નવદીક્ષિતનો(૩વર્ષ સુધીની દીક્ષા પર્યાય) તેમજ ચાલીસ વર્ષ સુધીની ઉંમરવાળા ભિક્ષુએ આચાર્ય-ઉપાધ્યાયની નિશ્રા વિના વિચરણ કરવું નિષિદ્ધ બતાવેલ છે. આ દરેક વિહાર આગમમાં નિષિદ્ધ છે. આ વિહાર ચર્યાને ધારણ કરનાર યોગ્ય-અયોગ્ય કોઈ પણ ભિક્ષુ હોઈ શકે છે અને તે બધાનું આચરણ આગમ વિરૂદ્ધ છે.

**(૩) કલ્પનીય એકલવિહાર– ૧.** દશવૈ.ચૂલિકા–૨,ગાથા–૧૦ તથા ઉત્તરા. અધ્ય. –૩૨,ગાથા–૫ માં દર્શાવેલ સપરિસ્થિતિક એકલ વિહારચર્યા કલ્પનીય છે(યોગ્ય છે). **૨.** આચા.સૂત્ર,શ્રુત.૧,અધ્ય.૬,ઉ.૨માં નિર્દિષ્ટ શુદ્ધ ગવેષણા અને શુદ્ધ સંયમરૂચિથી ધારણ કરેલી એકલવિહાર ચર્ચા કલ્પનીય છે તથા **૩.** સૂય. શ્રુ.૧,અધ્ય.૧૦, ગાથા–૧૨ માં દર્શાવેલ મોક્ષ પ્રાપ્તિના આશ્વાસન સાથેની એકલ વિહાર ચર્યા કલ્પનીય છે.

ઓઘનિર્યુક્તિ, બૃહત્કલ્પ ભાષ્યની પીઠિકા તથા વ્યવહાર ભાષ્યમાં સકારણ કરવામાં આવેલ ગીતાર્થની એકલ વિહારચર્યાનું વિધાન છે.

ત્રણ વર્ષની દીક્ષા પર્યાયવાળા, ચાલીસ વર્ષની ઉંમરવાળા તથા આચારાંગ-નિશીથ સૂત્રને અર્થ-પરમાર્થ સહિત કંઠસ્થ ધારણ કરનાર એકલ વિહાર સ્વીકાર કરી શકે છે કારણ કે, તે આગમ સંમત છે. આ યોગ્યતા પૂર્વે સકારણ પણ કરવામાં આવેલ એકલ વિહાર આગમ વિરૂદ્ધ છે.

**ઉપસંહાર–** વર્તમાનમાં અયોગ્ય એકલ વિહારચર્યાવાળાને લક્ષ્યમાં રાખીને એકાંગી દષ્ટિથી એકલ વિહારનો સર્વથા નિષેધ કરવામાં આવે છે. તેમજ આગમોના નામે એકાંત અકલ્પનીય કહેવામાં આવે છે, અને હાલમાં એકલ વિહારનો વિચ્છેદ છે એવું માનવામાં આવે છે તે સર્વથા અનુચિત કથન કહેવાય અને તે આગમ વિપરીત પ્રરૂપણ છે.

તેથી આ નિબંધમાં, સંગ્રહિત આગમયુક્ત અનેકાંત દષ્ટિકોણને સમજીને તથા એકાંત કે આગમ વિરૂદ્ધ પ્રરૂપણોને મહાપાપ સમજીને સાધુ-સાધ્વીજીઓએ તથા ચતુર્વિધ સંઘે વિવેકયુક્ત કથન કે લેખન કરવું જોઈએ.

**ઉપરોક્ત એકલવિહાર સંબંધી વિચારણાઓમાં સંકેત માત્ર કરેલ કેટલાક પ્રમાણોને આગળ સ્પષ્ટ કરીને સમજાવવામાં આવશે.**

**૧. ઠાણાંગ સૂત્ર ઠાણા–૩માં–** સાધુના તથા શ્રાવકના ત્રણ મનોરથ બતાવવામાં આવેલ છે. તેમાં સાધુના ત્રણ મનોરથ આ પ્રમાણે છે–

**(૧)** જે સમયે જેટલા પણ આગમ ઉપલબ્ધ હોય તેનું અલ્પ કે વધારે સમય અધ્યયન પૂર્ણ કરીશ. **(૨)** મારા માટે એ દિવસ કલ્યાણમય હશે, કે જે દિવસે હું ગચ્છથી નિરપેક્ષ બની એકાંત આત્મ સાધના માટે એકલવિહાર પ્રતિજ્ઞા ધારણ કરી એકલો વિચરીશ. **(૩)** એ દિવસ મારા માટે પરમ કલ્યાણકારી હશે કે જ્યારે મને સંલેખણા સંથારાયુક્ત પંડિત-મરણ પ્રાપ્ત થશે.

શ્રાવકનો બીજો મનોરથ પણ ગૃહત્યાગ કરી સંયમ લેવાનો છે, પરંતુ આવો મનોરથ બધાં શ્રાવકોને નથી આવતો જે શ્રાવકની ભાવના પ્રબળ હોય અને યોગ્યતા તેમજ અવસર હોય તેને જ સંયમ પ્રાપ્ત થાય છે. મનોરથ વસ્તુ મહત્ત્વની છે. મનોરથ છે તો કયારેક કોઈને આવે પણ છે. મનોરથ કયારે ય વિચ્છેદ જતા નથી. મનોરથનો વિચ્છેદ કહેવો એ સર્વથા અનુચિત છે. તેવું જ સાધુના મનોરથ માટે પણ સમજવું જોઈએ.

**૨. દશાશ્રુત સ્કંધ સૂત્ર :–** આચાર્યની સંપદાના વર્ણનની સાથે આચાર વિનયના ભેદોમાં એકલ વિહાર સમાચારીવાળા સાધુને ગચ્છમાં આચાર્યની સંપદા રૂપે ગણેલ છે. ત્યાં કહેવામાં આવેલ છે કે– જો કોઈ ગુણ સંપન્ન સાધુ એકલ વિહાર ઈચ્છતા હોય તો તેમને એકલવિહાર કરવા દેવો. આ સૂત્રની ચૂર્ણિના પ્રકાશનમાં એવું લખવામાં આવ્યું છે કે 'એકલવિહારનો નિષેધ કરનાર મહાપુઢષોએ આ આગમોક્ત વિધાન પર વિશ્વાસ રાખવો જોઈએ, ન રાખે તો તેનો અનંત સંસાર વધી જવાનો સંભવ છે. કહ્યું પણ છે, કે – **"ગીતાર્થ એકાકી રહેતો, પામે પદ નિર્વાણ(જગબહુમાન). અજ્ઞાની ટોલે પણ ભોલે, ડૂબે પત્થર નાવ !"**– દશાશ્રુત સ્કંધ નિર્યુક્તિ-ચૂર્ણિ પ્રસ્તાવના.

**૩. બૃહ.સૂત્ર,ઉદ્દે.૫માં–** સાધુ-સાધ્વીના અનેક કલ્પ સંબંધી વિષય બતાવતાં વચ્ચે બતાવવામાં આવેલ છે કે સાધ્વીઓએ એકલા ગોચરી, વડીનીત, વિહાર વગેરે કોઈ પણ કાર્ય કરવું ઉચિત નથી. ત્યાં સાધુ માટે કાંઈ પણ કહેલ નથી.

**૪. વ્ય.સૂત્ર,ઉદ્દે.૪માં–** આચાર્ય ઉપાધ્યાયને એકલા વિહાર કરવાની મનાઈ કરવામાં આવી છે, ત્યાં સામાન્ય સાધુ માટે કાંઈ પણ કહેવામાં આવેલ નથી.

**૫. વાસ્તવમાં બત્રીસ સૂત્રના મૂળ પાઠ માં એવી કયાંય એક લીટી પણ નથી લખેલ કે'કોઈપણ સાધુએ એકલા ન રહેવું અને રહે તો પ્રાયશ્ચિત્ત !'** પરંતુ







દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રની મૂળ ગાથામાં અમુક પરિસ્થિતિમાં સાધુએ એકલા જ વિચરવું એવો સ્પષ્ટ પ્રેરણાત્મક પાઠ છે.

**૬. આચા.સૂત્ર,અધ્ય.૫(૧–૫–૪)માં–** બતાવવામાં આવેલ છે કે એકલ વિહાર ચર્યા એના માટે ખરાબ હોય છે કે જે અવ્યક્ત છે– શ્રુતજ્ઞાનથી, શ્રદ્ધાથી અને સ્થિરતાથી અને જે વાત વાતમાં કષાય કરે, તેના માટે આવતી અનેક મુશ્કેલીઓ પાર કરવી મુશ્કેલ બની જાય છે. માટે હે સાધક! આવું તારે ન બને તેનો હંમેશા વિચાર કરજે–એ જ્ઞાનીઓનું ફરમાન છે.

**૭. આચા.અધ્ય.૫(૧–૫–૧)માં તથા અધ્ય.૬(૧–૬–૨)માં–** એકલ વિહારી સાધુ સંબંધી કથન કરવામાં આવેલ છે. પાંચમાં અધ્યયનમાં કહેવામાં આવેલ છે કે– આ જૈન શાસનમાં કોઈક એકલ વિહારી એવા હોય છે, જેમ કે – બહુ ક્રોધી, બહુમાની, બહુ માયાવી, અતિ લોભી, અતિ બોલનાર, સ્વાંગ કરનારા, દોષ છુપાવનારા, ઉત્કૃષ્ટતા બતાવનાર, ગુપ્ત પણે ઘણાં બધાં દોષોનું સેવન કરનાર વગેરે તથા તેનાથી વિતરીત છટ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે 'આ જૈન શાસનમાં કોઈક એકલવિહાર ચર્યાવાળા એવા હોય છે, કે જે ગવેષણાની ઢચિવાળા તથા સર્વ શુદ્ધિથી સંયમ પાળનાર હોય છે. તેઓ ધર્મબુદ્ધિથી વિચરણ કરતાં કરતાં લાભ-અલાભ, કષ્ટ વગેરે બધું જ શાંતિથી સહન કરે છે. હવે આપણે વિચારવું રહ્યુ કે શું આ બંને પ્રકારના સાધુને નવપૂર્વી કે પડિમાધારી કહી શકાય ? કે તેઓ સાધારણ એકલ વિહારી છે ?

**૮. સૂય.સૂત્રનાં બીજા અધ્ય.માં કહ્યું છે કે– एगेचरे ठाणमासणे, सयणे एगसमाहिए सिया ।** વિશેષ સાધના માટે એકલવિહાર ચર્યા કરનાર ભિક્ષુએ વિચરણ, સ્થાન, શયન, આસન વિગેરેમાં સમાધિયુક્ત રહેવું જોઈએ. આ રીતે અહીંયા આસન, શયન, સ્થાન તથા વિચરણમાં એકત્વની પ્રેરણા છે.

**૯. સૂય.અ.–૧૦ ગાથા–૧૧,૧૨માં કહ્યું છે કે–** ભિક્ષુ આધાકર્મી દોષ સહિત આહારની ઈચ્છા પણ ન કરે. તેવા સાધુઓની સાથે પરિચય સંસર્ગ પણ ન રાખે પરંતુ પોતાના કર્મોનો ક્ષય કરવામાં લાગ્યો રહે. આ પ્રસંગે આગળની ગાથામાં કહ્યું છે કે **एगत्तमेयं अभिपत्थएज्जा,** એકલા રહેવાનો પણ સ્વીકાર કરી લે, એવું કરવાથી પણ મોક્ષ મળી શકે છે. અહીં પણ ગવેષણા દોષના પ્રસંગમાં એકલવિહારનો નિર્દેશ છે અને એકલાથી મોક્ષ નથી મળતો, એવા ભ્રમમાં ન રહેવાનો નિર્દેશ છે. જેને આચારાંગ સૂત્રના છટ્ઠા અધ્યયનમાં પ્રશસ્ત કહ્યો છે.

**૧૦. ઠાણાંગ સૂત્ર આઠમા ઠાણામાં**– એકલ વિહાર કરવાવાળાની યોગ્યતાના આઠ ગુણ બતાવ્યા છે. તેમાંથી ૬ ગુણો માટે છટ્ઠા ઠાણામાં બતાવ્યું છે કે એ છ ગુણોવાળા સંઘાડાનો મુખી બની શકે છે. તેનીઅપેક્ષા અહીં બે ગુણ વિશેષ બતાવ્યા છે– (૧) ધૈર્યવાન અને (૨) ઉત્સાહી. જેનો અભિપ્રાય એટલો જ છે કે **૧.** એકલા રહેવામાં રોગની સ્થિતિ વગેરેમાં ધૈર્યની અત્યંત આવશ્યકતા રહે છે અને **૨.** એકલા રહેવામાં સદા આનંદ માનવાની રુચિ અને લાગણીરૂપ ઉત્સાહ પણ હોવો આવશ્યક છે. બાકી ૬ વિશેષણ તે જ છે જે સંઘાડાની આગેવાની કરીને વિચરણ કરનારમાં હોય છે.

**કેટલાક સેંકડો વર્ષોથી એકલવિહારનો એકાંતરૂપથી નિષેધ કરવાની પ્રવૃત્તિ જૈન સમાજ**માં થઈ જવાથી તે છ ગુણોનો અહીં જુદો અર્થ કરીને વજ્ર ઋષભનારાચ સંઘયણ અને નવપૂર્વનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ એવો અર્થ કરી દેવામાં આવેલ છે, પરંતુ મૂળપાઠમાં તો માત્ર બે ગુણ જ વધારે કહ્યા તેનાથી કોઈ એવો અર્થ નીકળતો જ નથી. મૂળમાં ક્યાંય ૯ પૂર્વનું જ્ઞાન અને વજ્ર ઋષભ નારાચ સંઘયણ કહેલ જ નથી.

જો અહીં છ શબ્દોનો એવો અર્થ કરશું તો કોઈને માટે સંઘાડા પ્રમુખ-મુખી બનવાનું પણ કલ્પશે નહિ. આથી જેનામાં સંઘાડાના મુખી બનવાની યોગ્યતા છે તેનામાં બે ગુણ અધિક હોય તો તે એકલવિહારની યોગ્યતાવાળા કહેવાય છે, એવું મૂળ પાઠથી સાબિત થાય છે. ***૯ પૂર્વનું જ્ઞાન અને પ્રથમ સંઘયણની પ્રરૂપણા તો જબરજસ્તી જોડવામાં આવી ગયેલ છે. ભિક્ષુપડિમા આદિ માટે વિશિષ્ટ સંઘયણ બલ આવશ્યક થઈ શકે કારણકે તેમાં વિશિષ્ટ તપ, સંપૂર્ણ રાત્રિનો કાઉસગ્ગ વગેરે અનેક નિયમ હોય છે. જ્યારે ઉપરોકત શાસ્ત્રોના પ્રમાણવાળી આ એકલવિહાર ચર્યા એક જુદી જ સપરિસ્થિતિક સાધના છે, પરંતુ પડિમા નથી. આગળ દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રના વિવેચન જોવાથી ધ્યાનમાં આવશે કે ૯ પૂર્વનું જ્ઞાન અને સંઘયણનું કથન કેટલું આગમ સંમત છે ?***

**૧૧. વ્યવહાર સૂત્રના આઠમા ઉદ્દેશામાં** –એવા એકલવિહારી સ્થવિરકલ્પીનું વર્ણન છે કે જેમને ડંડો, લાઠી, છત્ર, ચર્મ વગેરે અનેક ઉપકરણ રાખવા પડે છે અને તે સ્વયં ગોચરી જતા હોય ત્યારે શું કરવું જોઈએ એ વાતનું વર્ણન છે. એમાં વૃદ્ધાવસ્થા, એકલાપણું અને સ્થવિરકલ્પીપણું એ ત્રણે વાતો વિચારવા યોગ્ય છે. વિશેષ માહિતી માટે આગમ પ્રકાશન સમિતિ બ્યાવરના છેદ સૂત્રોમાં તથા આ સારાંશ પુસ્તકોના ચોથો ભાગ છેદ શાસ્ત્ર પૃષ્ટ ૧૨૫ અને ૧૮૨માં જુઓ.







**દશવૈકાલિક સૂત્ર :–**

**असंकिलिट्ठेहिं समं वसिज्जा, मुणी चरित्तस्स जओ ण हाणि ॥९॥**

**ण वा लभेज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**

**एक्को वि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणे ॥१०॥**

**ભાવાર્થ**– સાધુએ તેની સાથે રહેવું ઉચિત છે કે જેની સાથે રહેવામાં કોઈપણ પ્રકારનો માનસિક, વાચિક, શારીરિક સંક્લેશ ન થાય અને સ્વીકૃત ચારિત્રમાં કોઈ પ્રકારની હાનિ ન થાય **॥૯॥** જો શ્રેષ્ઠ મુનિ ન મળે તો શું કરવું જોઈએ ? એનું સમાધાન શાસ્ત્રકાર આગળની ગાથામાં આપે છે કે પોતાનાથી અધિક ગુણવાન અથવા સમાન ગુણવાળો યોગ્ય નિપુણ(સંયમમાં) સહાયક ન મળે તો એકલા જ વિચરવું અને ધ્યાન રાખવું કે પાપોના(૧૮ પાપ) ત્યાગને બરાબર નિભાવવામાં આવે. ઈન્દ્રિયોના વિષયોમાં ક્યાંય પણ આસક્ત બન્યા વિના વિચરવું. એનો ભાવાર્થ એજ થયો કે ***જેની સાથે રહેવામાં સંયમમાં કોઈપણ પ્રકારે હાનિ થાય, કોઈપણ પ્રકારનો સંક્લેશ થાય તો મુનિએ ત્યાં ભૂલથી પણ રહેવું નહિ જોઈએ, સહર્ષ એકલા વિચરણ કરવું જોઈએ***– આચાર્યશ્રી આત્મારામજી મ.સા. સંપાદિત ઉત્તરાધ્યયન સૂત્ર.

એવી સ્થિતિ ૯ પૂર્વીને માટે નથી હોતી, તેઓ તો વિશેષ તપ, ધ્યાન, નિર્જરા, પડિમા વગેરે માટે અનેક ઉચ્ચ યોગ્ય સાધક સાથીના હોવા છતાં પણ એકલા જાય છે. એથી સૂત્રોક્ત આ ભાવ સાધારણ સાધુની અપેક્ષાએ જ શાસ્ત્રકારે કહેલ છે એવું સ્પષ્ટ છે. આના માટે નવપૂર્વીનું કથન ગમે તેટલું પણ પ્રાચીન કેમ ન હોય આગમ આશયથી વિપરીત અને મનકલ્પિત છે.

**ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૨ :–**

आहार मिच्छे मियमेसणिज्जं, सहायमिच्छे णिउणत्थ बुद्धिं ।
णिकेयमिच्छेज्ज विवेगजोगं, समाहि कामे समणे तवस्सी ॥४॥

**ભાવાર્થ**– જ્ઞાન, દર્શન, ચારિત્રના લાભનો ઈચ્છુક સાધુ જ સમાધિનો ઈચ્છુક કહેવાય છે. સંયમની પ્રવૃત્તિઓમાં પુરુષાર્થ કરવાવાળો શ્રમણ કહેવાય છે. છટ્ઠ, અટ્ઠમ વગેરે કરવાવાળો તપસ્વી કહેવાય છે. એવા શ્રમણ તપસ્વી અને સમાધિની ઈચ્છાવાળા મુનિ આ પ્રકારની ઈચ્છાઓ(અર્થાત્ આગળ કહેવામાં આવશે એવી ઈચ્છાઓ) રાખે. જે સંયમ સમાધિના આવશ્યક અંગ છે તેનું સદા ધ્યાન રાખે. તે શું છે ? તે આગળ કહીએ છીએ– સૌ પ્રથમ એષણીય દોષ રહિત આહારની

ભાવના રાખે અર્થાત્ મારા સંયમ જીવનમાં આહાર આદિ(પાણી, વસ્ત્ર, શય્યા) માં કોઈ પ્રકારનો દોષ નહિ લાગવો જોઈએ. મારી ગવેષણા શુદ્ધ છે ? અથવા મને લાવી આપનાર શુદ્ધ ગવેષણા કરે છે ? મારા શરીરના ઉપભોગમાં કોઈ પણ અકલ્પનીય વસ્તુ તો નથી આવતી, તેનું પૂઢં ધ્યાન(સાવધાની) રાખે. આ **પ્રથમ ઈચ્છા** છે. [સર્વ પ્રથમ આ ઈચ્છા–આકાંક્ષા સાધુને સંયમ જીવનમાં હોવી જ જોઈએ, કારણકે કહેવત છે કે જેવો આહાર તેવો ઓડકાર. માટે પહેલાં આહાર શુદ્ધિનું ધ્યાન રાખવું.] એમાં પણ એ સાવધાની રહે કે આહાર મર્યાદિત ખપ પૂરતો અને સંયમ યાત્રાને ટકાવવા પૂરતો હોય, નહિ કે મન અને ઈન્દ્રિયનો પોષક અને અહિતકર હોય. વળી શાસ્ત્રકાર આગળ **બીજી ઈચ્છાની** વાત કરે છે કે, સાથી સાધુ તત્ત્વજ્ઞ, બુદ્ધિમાન, સંયમના યોગોમાં પૂર્ણ સમજ અને વિવેક રાખનાર હોવો જોઈએ, જેથી જીવનમાં કોઈ પણ પ્રકારની અસમાધિનું કારણ ન બને. યોગ્ય સાથી સમય આવ્યે અધિક લાભકારી થાય છે. જેમકે શૈલક રાજર્ષિને યોગ્ય શિષ્યે ફરી ધર્મમાં સ્થિર કરી દીધા હતા. એથી યોગ્ય સાથીની સાથે રહેવાનું જ સદા ધ્યાન રાખવું. તત્પશ્ચાત્ સમાધિના ઈચ્છુક તે સાધકે રહેવાને માટે યોગ્ય અને એકાંત શાંત મકાન મેળવવાનું સદા ધ્યાન રાખવું તે **ત્રીજી ઈચ્છા** છે.॥૪॥

**પાંચમી ગાથાનો સંબંધ– अथ काल आदि दोष वशात् चैत पूर्वोक्त गुण सहायः शिष्यः न लभेत तदा किं कर्तव्यं तदाह –**

**ण वा लभेज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**
**एक्को वि पावाइं विवज्जयंतो, विहरिज्ज कामेसु असज्जमाणो ॥५॥**

**અર્થ :** હવે જ્યારે કાલ આદિ દોષવશાત્ કોઈ યોગ્ય સહાયક સાથી ન મળે તો શું કરવું જોઈએ, તે આગલી પાંચમી ગાથામાં કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ–** જો પોતાનામાં રહેલા વિનય વગેરે ગુણોમાં સમાન અથવા અધિક યોગ્યતાવાળો બુદ્ધિમાન, શુદ્ધ સંયમની ઈચ્છાવાળો, સહાયક સાથી ન મળે તો તે સાધુ એકલો જ શિષ્ય વિના વિચરે પરંતુ સંયમ ગુણ સમિતિ વગેરે તેમજ વિનય આદિમાં કમજોર, અવિનીત શિષ્યને જબરજસ્તી નિભાવવાનો પ્રયત્ન ન કરે. આ રીતે ચારિત્ર ગુણોમાં અનુકૂળ રુચિવાળા, અસમાધિ પેદા નહિ કરનારા એવા વિનીત શિષ્યના અભાવમાં મુનિ એકલા જ વિચરે. *[જેમ ગર્ગાચાર્ય સેંકડો શિષ્યોને છોડીને એકલા જ વિચર્યા].* હવે આવી પરિસ્થિતિમાં એકલો વિચરતો સાધુ શી સાવધાની રાખે એ વિષે ભલામણ કરતા શાસ્ત્રકાર કહે છે કે સાધુએ સાવદ્ય







યોગનો ત્યાગ કરેલ છે એથી સદા ૧૮પાપથી બચવા પૂરેપૂઢ ધ્યાન રાખે, આ **પહેલી ભલામણ** છે અને **બીજી ભલામણ** એ છે કે પાંચ ઈન્દ્રિયના વિષય અર્થાત્ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચ કામ ગુણોમાં આસક્ત નહિ બનતાં એમાં મનને પ્રતિબંધિત નહિ કરતાં, વૈરાગ્યભાવ ને ઉપસ્થિત રાખતાં, ઉદાસીન ભાવોને પુષ્ટ કરતાં વિચરે.–***ઉત્તરા.સૂત્ર,અધ્ય. ૩૨–ગાથા ૫.***

**ઉપસંહાર–** આ ભાવવાળી આ ગાથાને બે સૂત્રોમાં સ્થાન મળ્યું છે. શ્રુતિ પરંપરા અનુસાર ભગવાન મહાવીર સ્વામીએ મોક્ષ જતી વેળાએ જે ૩૬ અધ્યયન ફરમાવ્યા તેના ૩૨ મા અધ્યયનની આ પાંચમી ગાથા છે અને તેમજ પ્રચલિત ઈતિહાસ પ્રમાણે પોતાના પુત્ર મનકને માટે અલ્પ ઉંમર જાણીને ૧૪ પૂર્વી સ્વયંભવાચાર્યે સૂત્રોના સાર લઈને જે દશવૈકાલિકસૂત્રની રચના કરી તેની બીજી ચૂલિકામાં ગાથા નં. ૧૦ છે.

બંને ચૂલિકાઓ વિશિષ્ટ વિષયવાળી છે. પ્રથમમાં જે સાધક સંયમમાં અસ્થિર ચિત્ત થઈ જાય તેને સ્થિર કરવામાં પૂર્ણ સહાયરૂપ શિક્ષાનું જ કથન છે. એથી એનું નામ છે– 'રતિવાક્ય' અર્થાત્ સંયમમાં રુચિ ઉત્પન્ન કરાવનારા શિક્ષા વાક્યો.બીજી ચૂલિકાનું નામ છે– 'વિવિક્તચર્યા.' એમાં ગચ્છથી મુક્ત થઈને એકલ વિહાર ચર્યા કરનારાઓનું કથન છે. વાસ્તવમાં બીજી ચૂલિકામાં પ્રારંભની ગાથાઓમાં સંયમની કેટલીક શિક્ષાઓનું કથન કરીને આગળની ગાથાઓમાં આ વિષય(એકલવિહારનો) લીધો છે. દશમી ગાથામાં બે ભલામણ દીધા પછી આગળ અન્ય અનેક ભલામણો કરી છે. કારણકે એકલા હોવાને કારણે તેને અન્ય તો કાઈ કહેનાર રહેતું જ નથી. એથી જાતે જ વિશેષ ધ્યાન રાખે કે માસકલ્પ આદિ મર્યાદાઓનું ક્યારેય ઉલ્લંઘન ન કરે. કારણ કે એકલા વિચરણમાં એની સંભાવના અધિક રહે છે. તેમજ સદા સૂત્ર નિર્દિષ્ટ માર્ગને સમજીને તેને અનુસરવાનું ધ્યાન રાખે. સૂત્ર અને તેનો અર્થ જે જે આજ્ઞા આપે તદનુસાર વર્તે. રાત્રે સૂતાં અને ઊઠતાં બંને સમય આત્મચિંતન(ધર્મજાગરણ) કરે કે મેં કેટલા ગુણ વિકસાવ્યા ? કેટલા વધારવાના છે ? કરી શકવા છતાં પણ શું નથી કરતો ? કયા કયા મારા દોષ છે ? કયા દોષ મને દેખાય છે અને કયા દોષ બીજાઓને દેખાય છે ? આ પ્રમાણે સમ્યક ચિંતન કરી સ્ખલનાઓને દૂર કરવામાં જાગૃત રહે. એકલવિહારીને માટે એવી ઘણી ભલામણો આપી છે. એથી એનું નામ પણ આ મુખ્ય વિષયના કારણે 'વિવિક્તચર્યા' રાખ્યું છે.

એ બે ચૂલિકાઓનો મળીને સાર એ થયો કે કોઈપણ દુઃખથી ગભરાઈને સાધુ સંયમ ન છોડે અને જો એકલા રહેવાથી સમાધિ રહી શકે તો તેમ પણ કરે પરંતુ સંયમ છોડવાનો વિચાર તો ન જ કરે. તથા એકલા રહેવામાં અનેક જોખમ રહે છે. એથી ભલમણો, શિખામણોના પાલનનું સારી રીતે ધ્યાન રાખે.

આ પ્રકારની પરિસ્થિતિના નિદશવાળી, અર્થવાળી તેમજ ભલામણ યુકત આ ગાથાના વિષયને આગમ વિહારી ૯ પૂર્વી, જિનકલ્પી આદિને માટે કહેવું એ આગમ આશયને નહિ સમજી શકવાની સ્ખલના ભૂલથી થાય છે અથવા તો જબરજસ્તી ઠોકી બેસાડવાની બુદ્ધિથી પણ થઈ શકે છે. તટસ્થ વૃત્તિથી વિચારીએ તો સમજમાં આવી શકે છે કે ૯ પૂર્વી તો કોઈ સાથી નહિ મળવા આદિની પરિસ્થિતિથી એકલા નથી જાતા. એથી તેઓને માટે એવી પરિસ્થિતિના અર્થવાળા અને ભલામણવાળા પ્રકરણને જોડી દેવું એ ઘણી મોટી ભૂલ છે. એથી આ ગાથાને માટે અને અન્ય પણ જે ઉપર અનેક એકલવિહાર ચર્યાના પ્રસંગ આચારાંગ સૂત્ર આદિના બતાવ્યા છે; તેને માટે ૯ પૂર્વી આદિનું કહેતા રહેવું અને પ્રરૂપણા કરવી, બુદ્ધિમાનોને માટે યોગ્ય નથી અને તેને આગમસંમત પણ ન કહી શકાય.

સૂયગડાંગ સૂત્રમાં આધાકર્મી આદિ દોષ પ્રસંગથી સ્પષ્ટ કથન છે કે – આધાકર્મી આદિ દોષ લાગે તો મુનિ"એકાકીપણાનો સ્વીકાર કરે,પરંતુ તે દોષ સંયુક્ત અવસ્થામાં ન રહે, આમ એકાકીપણાથી પણ મોક્ષ થઈ શકે છે, એમાં શંકા ન કરવી અર્થાત્ અસત્ય નહિ સમજવું. આ રીતે પણ મોક્ષ મળવાનું સત્ય છે અને(અપેક્ષાએ)સારૂ પણ છે. એથી કષાય રહિત થઈને સત્યતાપૂર્વક સંયમમાં લીન રહેવું.'' તે ભાવાર્થવાળી ગાથા આ પ્રમાણે છે–

**एगत्तमेयं अभिपत्थएज्जा, एवं पमोक्खो ण मुसं ति पास ।**
**एसपमोक्खे अमुसे वरे वि, अक्कोहणे सच्चरए तवस्सी ॥**

### એકલવિહાર કરવા–છોડવાના સંપૂર્ણ પ્રમાણોનો સારાંશ :–

**(૧)** આગમ સંમત વિશિષ્ટ પરિસ્થિતિ હોય તો– ઠાણાંગ–૫ અને બે ભાષ્યના આધારે; **(૨)** અન્ય કોઈ અનુકૂળ યોગ્ય સાથીનો સંયોગ ન હોય તો– દશવૈકાલિક સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે; **(૩)** ત્રણ પ્રકારમાંથી કોઈ પણ ગીતાર્થતા અથવા બહુશ્રુતતા હોય તો ઠાણાંગ અને ભાષ્યના આધારે; **(૪)** ત્રણ વર્ષની દીક્ષા પર્યાય, ૪૦ વર્ષની ઉંમર હોય તો– વ્યવહાર ઉદ્દેશા ૩ ના આધારે. **(૫)**







શરીરની બાહ્ય દરેક પરિસ્થિતિમાં ધૈર્ય રહી શકે. એકલા રહેવામાં પૂર્ણ ઉત્સાહ અને પ્રસન્નતા રહી શકે તો– ઠાણાંગ ૮ ના આધારે; આ રીતે ભિક્ષુ દશવૈકાલિક નિર્દિષ્ટ ભલામણ શિક્ષાઓનું ધ્યાન રાખીને અને પાલન કરીને એકલો વિચરી શકે છે. **(૬)** કારણની સમાપ્તિ થવા પર એકલવિહાર છોડી શકે છે– અનેક ટીકા, ભાષ્યના આધારે. **(૭)** સમર્થતા ન રહે તો એકલવિહાર છોડી શકે છે– વ્યવ.સૂત્ર,ઉદ્દે.૧ ના આધારે. **(૮)** દશવૈકાલિક, ઉત્તરાધ્યયન– સાથી અનુકૂળ અને યોગ્ય મળી જાય તો એકલ વિહાર છોડી શકે છે. **(૯)** અન્યથા વૃદ્ધાવસ્થા તેમજ જીવન પર્યંત પણ એકલ વિહારમાં રહી શકે છે – **વ્યવહાર ઉદ્દેશક–૮ તથા ઉત્તરાધ્યયન–૨૭ મું અધ્યયન.**

## વિનયધર્મમાં સ્યાદ્વાદ :–

આ પ્રમાણે ઉપરોક્ત આગમ સ્થાનોને જોવાથી આ સહજ સમજી શકાય છે કે સ્યાદ્વાદમય જિનાગમ અને જિનવાણીના આધારે એકાંતિકરૂપથી સાધુનું એકલા વિચરવું નિષિદ્ધ ન સમજવું.

જો કે નિર્ગ્રંથ પ્રવચનરૂપ ભગવાનનો આ માર્ગ વિનય પ્રધાન ધર્મ છે છતાં પણ તેના સ્યાદ્વાદમય હોવાથી તેમાં વિનયથી પણ ક્યારેક સત્ય, સંયમ સમાધિ અને ભગવદાજ્ઞાનું કંઈ અધિક મહત્ત્વ રહે છે. કેટલાય પચ્ચક્ખાણોમાં મહત્તરાગાર (વડીલોનો આગાર) પણ નથી હોતો.

**(૧)** દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે રત્નાધિક પ્રત્યે સદા વિનયની પ્રવૃત્તિ રાખવી, છતાં પણ સંયમની હાનિ ન થાય તેનું પૂઢં ધ્યાન રાખવું.– ***અધ્ય.૮,ગાથા–૪૯.***

**(૨)** બૃહત્કલ્પસૂત્રમાં કોઈ ભૂલ અથવા કલેશના પ્રસંગથી આચાર્યની સમીપે આલોચના કે પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું છે. ત્યાં એ પણ કહ્યું છે કે જો તે પ્રાયશ્ચિત્ત આગમ અનુસાર હોય તો લેવું, આગમાનુસાર ન હોય તો નહિ લેવું એટલે અસ્વીકાર કરી દેવો. એવું મૂળપાઠમાં સ્પષ્ટ છે ત્યાં તેને કોઈ અવિનય નથી માનવામાં આવ્યો.

**(૩)** વ્યવહાર સૂત્રમાં– આચાર્ય સંલેખના સંથારો આદિ મૃત્યુના નિકટના સમયમાં શિષ્યોને કહી દે કે મારા પછી અમુકને આચાર્ય બનાવજો, એ વિષયમાં આગળ શાસ્ત્રકાર સ્વયં કહે છે કે તે યોગ્ય લાગે તો તેને આચાર્ય બનાવવા, યોગ્ય ન લાગે અને અન્ય યોગ્ય લાગે તો અન્યને બનાવવા, આટલું મૂલપાઠમાં સ્પષ્ટ છે. અણસમજુ તો કહી શકે છે કે આચાર્યની આજ્ઞા ન માની. પરંતુ

જિનાજ્ઞાની સત્તા એ છે કે ખોટું કામ કરવાનું ગુઢ આજ્ઞાથી પણ સ્વીકારી શકાતું નથી, એવું ઉક્ત પાઠથી સ્પષ્ટ થઈ જાય છે.

**(૪)** ઠાણાંગ સૂત્રમાં ગચ્છ છોડવા માટેના અનેક કારણ બતાવવામાં આવ્યા છે, તે શા માટે ? કેમ કે ગુઢની આજ્ઞા ન માનવામાં આવે ત્યારે જ ગચ્છ છૂટે છે. તેમાં બતાવ્યું છે કે– **૧.** જે સંયમ જ્ઞાનની રુચિ સાધુને હોય તેવી અનુકૂળતા ગચ્છમાં ન હોય, તેથી તેને સંતોષ ન થઈ શકે, તો તે ગચ્છને છોડી શકે છે. **૨.** જ્યાં સારણા, વારણા, વિનય પ્રતિપત્તિની વ્યવસ્થા બરાબર ન હોય **૩.** ન્યાય અન્યાય બધું ચાલે **૪.** જેના મનમાં જે આવે તે કરે એવી અવ્યવસ્થા જોવા મળે, **૫.** આગમાનુસાર ધારણા, પ્રવૃત્તિ, વ્યવહાર ન હોય તો તે ગચ્છને છોડી શકે છે, વગેરે અનેક કારણ કહ્યા છે.

આમ વિનય પ્રધાન અને આજ્ઞાપ્રધાન ધર્મ હોવા છતાં પણ આ ધર્મ એકાંતિક ન હોઈને સ્યાદ્વાદમય છે. જે ઉપરોક્ત ચાર આગમ કથનોથી સારી રીતે સમજી શકાય છે કે ન્યાય, સત્ય, સંયમ, સમાધિનું મહત્વ વિનય અને ગુઢઆજ્ઞાથી પણ વધારે છે; એમાં પણ કોઈ અવિનય આશાતના સમજી લે તો એમ જાણવું કે તેને હજુ નિર્ગ્રંથ પ્રવચન વિનય પ્રધાન હોવા છતાં પણ **ન્યાય માર્ગ** છે એ સમજવાનું બાકી છે.

આગમ નિરપેક્ષ કે આગમ વિપરીત ગુઢઆજ્ઞા અને વ્યક્તિ મહત્ત્વને જિનશાસનમાં સ્થાન નથી. ગૌતમસ્વામીના કથન અને સમજમાં પણ ભૂલ હોઈ શકે અને તેનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે. આથી જે વિષયમાં શાસ્ત્ર પ્રમાણ સ્પષ્ટ હોય તો કોઈપણ મોટામાં મોટા છદ્મસ્થ ગુઢ આચાર્યાદિનું અને પરંપરાનું તેનાથી અધિક મહત્ત્વ નથી હોઈ શકતું. નાના મોટા સૌને માટે આગમ તો સર્વોપરી જ છે. ગુઢઆજ્ઞા અને પરંપરાને તેનાથી ઊતરતા જ સમજવા જોઈએ.

**બહુશ્રુતની પરિભાષા**– નિશીથ ભાષ્ય પીઠિકાની અંતિમ ગાથામાં ગીતાર્થની સમાન જ બહુશ્રુતના ત્રણ ભેદ અને કંઠસ્થ શ્રુતજ્ઞાનનું કથન કરેલ છે અર્થાત્ આ બન્નેની પરિભાષા સરખી આપવામાં આવી છે. જેમ કે– (૧) જઘન્ય બહુશ્રુત– આચારાંગ, નિશીથસૂત્ર કંઠસ્થ અર્થ સહિત. (૨) મધ્યમ બહુશ્રુત– છેદસૂત્રો કંઠસ્થ અર્થ સહિત. (૩) ઉત્કૃષ્ટ બહુશ્રુત– પૂર્વોના ધારક (નવ પૂર્વથી વધારે).







# ભિક્ષુની સ્વતંત્ર ગોચરી

અનેકાંત મૂલક આ જિન શાસનના કોઈપણ વિધાનને એકાંતના આગ્રહમાં નહિ મૂલવવું જોઈએ.

તદ્નુસાર અનેક આગમ વિધાનો અને વર્ણનોથી એ સ્પષ્ટ છે કે સમૂહમાં રહેવા છતાં પણ સામુહિક અથવા અસામુહિક રૂપથી ગોચરી લાવવા વાપરવાનું સાધુ કરી શકે છે.

દશવૈકાલિક અધ્યયન–૫, ઉદ્દેશા–૧માં વર્ણિત આહાર કરવાની વિધિ પણ સ્વતંત્ર ગોચરીની પ્રમુખતાથી કહેવામાં આવેલ છે. આચારાંગ સૂત્રના અનેક વિધાનોથી પણ સ્વતંત્ર ગોચરીની પદ્ધતિ સિદ્ધ થાય છે.

સાધ્વીઓ દ્વારા કરવામાં આવેલી સત્તસત્તમિયા આદિ ભિક્ષુ પડિમાઓ સ્વતંત્ર ગોચરીને સ્પષ્ટપણે સિદ્ધ કરવાવાળી છે. સ્વતંત્ર ગોચરી વિના તે પડિમાઓ થઈ શકતી નથી. આ પ્રમાણે અહીં સાધ્વીઓની સ્વતંત્ર વ્યક્તિગત ગોચરી પણ પ્રમાણિત થાય છે. તો સાધુને માટે તો નિષેધ હોવાનો કોઈપણ પ્રશ્ન જ નથી.

**ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૯**માં કહેવામાં આવેલ સંભોગ પચ્ચકખાણ અને સહાય પચ્ચક્ખાણનું વર્ણન સ્વતંત્ર ગોચરીને એક વિશિષ્ટ લાભકારક, આનંદદાયક પ્રવૃત્તિ બતાવે છે.

સંસાર માર્ગથી સ્યાદ્વાદના ત્યાગ માર્ગમાં ભિન્નતા છે. અહીં સમય આવ્યે સેવાનું પણ મહત્વ છે, તો સમય પર આહાર સંબંધ અલગ કરવાનું તેમજ સહાય લેવા દેવાનો ત્યાગ કરવાને પણ એક મહત્ત્વ પૂર્ણ આચરણ બતાવવામાં આવ્યું છે. અન્યત્ર આગમમાં પણ એવી પ્રતિજ્ઞા છે, ચૌભંગી પણ આવે છે કે કોઈ સાધુ પોતાનું કામ કરાવે, જાતે પણ કરે; કોઈ બીજા પાસે કરાવે(અર્થાત્ સેવા લે) પરંતુ કરે નહિ. કોઈ સેવા કરે પરંતુ સેવા કરાવે નહિ અને કોઈ સેવા કરવા કરાવવાનો સંપૂર્ણ ત્યાગ કરી દે. આચારાંગસૂત્ર ૨, અ.–૭, ઉદ્દેશા–૩ અને આચારાંગ શ્રુતસ્કંધ–૧, અ.–૮, ઉદ્દે.–૫ થી ૭–ત્રણ સ્થાન પર એવી ચોભંગી છે.

**આચારાંગ સૂત્ર અધ્યયન–૮**માં સૂચિત ચૌભંગીઓ તો સ્વતંત્ર ગોચરીની સ્પષ્ટપણે પ્રેરક છે. ધર્મરુચિ અણગાર, ગૌતમ સ્વામી, અર્જુનમાળીના ગોચરીના વર્ણનતો સ્વતંત્ર ગોચરીના ક્રિયાત્મક(પ્રેક્ટીકલ) ઉદાહરણ છે.

છ સગા ભાઈઓમાં બબ્બેની સ્વતંત્ર ગોચરીનું ઉદાહરણ પણ અંતગડ સૂત્રમાં અત્યંત પ્રેરક ઢંગવાળુ છે.

આજે પરંપરાના નામે સ્વતંત્ર ગોચરીનો નિષેધ કરવામાં આવે છે. અને તેને અનુચિત સમજવામાં આવે છે. તે આગમ વિપરીત અને એકાંત દષ્ટિવાળી પ્રરૂપણા છે. તેનાથી અનેક અભિગ્રહ આદિના લાભથી સાધકોને વંચિત રાખવામાં આવે છે. તે જ રીતે જે પદ્ધતિ અથવા પરંપરાના આગ્રહથી આગમિક સાધનાઓનો વિચ્છેદ થતો હોય તો તેવો એકાંત આગ્રહ કરવાનું અનુચિત પણ ગણાય છે.

૩૨ આગમોમાં સામુહિક અને સ્વતંત્ર બન્ને પ્રકારની ગોચરીનું વર્ણન છે. **ઓઘનિર્યુક્તિમાં** આ વાતનું સમર્થન કરતું વર્ણન છે. તેમાં એ બતાવ્યું છે કે કારણપૂર્વક જ માંડલિક(સામુહિક) આહાર કરવામાં આવે છે. પરંતુ પૂર્ણ યોગ્ય અને કારણના અભાવવાળા સંત સ્વતંત્ર ગોચરી કરે છે. તેના માટે કારણ આ પ્રમાણે કહ્યા છે–

બાળ, ગ્લાન, વૃદ્ધ, પદવીધર, મહેમાન સાધુ(નવા આગંતુક સાધુ) અને તપસ્વી વગેરેની સામુહિક ગોચરી થાય છે. આવા કારણોના અભાવમાં યોગ્ય સાધના પ્રિય સાધક સ્વતંત્ર એક-એક અથવા બબ્બે સાથે ગોચરી કરે છે. આ પ્રમાણે ત્યાંના વિસ્તૃત વર્ણનમાં સામુહિક ગોચરીને અપવાદરૂપ વ્યવસ્થા કહી છે અને યોગ્યતા સંપન્ન સાધક આત્માઓને માટે સ્વતંત્ર ગોચરીનો વિધિમાર્ગ બતાવેલ છે. જે આગમ વર્ણનોથી પણ અવિરુદ્ધ છે.

તાત્પર્ય એ છે કે સેવા વગેરે કારણો સિવાય યોગ્ય સાધકોએ એકલા અથવા બે થી સ્વતંત્ર ગોચરી લાવવી, અન્યને નિમંત્રણ આપવું પછી ગોચરી વાપરવી, અભિગ્રહ તપ કરવું એ આગમિક વિધિ માર્ગ છે, ધ્રુવ માર્ગ છે તથા સંયમોન્નતિ અને એષણા શુદ્ધિનો માર્ગ છે.

આમાં સાધકોને આત્મ સંતોષ, સંયમોન્નતિ, અભિગ્રહ પાલન, તપવૃદ્ધિ, સમયનો બચાવ, મૌન સાધના, સમાધિ સાધના વગેરે સાધનાઓનો લાભ થાય છે. આગમકાલીન પદ્ધતિનું પાલન અને તેનો પુનરોદ્ધાર થાય છે. જેનાથી ગચ્છમાં થવાવાળી છિન્નભિન્ન સ્થિતિ, પરસ્પર અથડામણ, મન ભેદ થવું, સ્વચ્છંદ અકલ્પનીય એકલ વિહારની સ્થિતિઓ, સંતોના અંતર્મનમાં ગચ્છીય સાધનામાં અસંતોષ આદિ દોષોનું નિરાકરણ થાય છે.







**આગમ વર્ણન અનુસાર :– ૧.** ગૌતમ સ્વામી પોતાના છઠના પારણે ગોચરી લેવા જાતે એકલા જવા અને વાપરવામાં કોઈ અપમાન કે અવ્યવહારિકતા સમજતા નહોતા.**૨.** ધર્મરુચિ અણગાર ગુરુની સાથે રહેવા છતાં માસખમણના પારણે સ્વયં ગોચરી લાવે તો પણ આત્મ કલ્યાણમાં રુકાવટ થતી નથી.**૩.** નવદીક્ષિત અર્જુનમાળીનું છઠના પારણા માટે સ્વયં જવું અને મહાન કર્મોની નિર્જરા કરવી, એ પણ એક અનુપમ આદર્શ છે. **૪.** કૃષ્ણના ૬ ભાઈ મુનિઓનું અલગ-અલગ ગોચરી જવાનું વર્ણન એ સિદ્ધ કરે છે કે – જેને આજનો માનવ કે સંસાર-વ્યવહાર અવગુણના રૂપમાં જોવા ઈચ્છે છે તેને જ આગમમાં સાધુને માટે વિશિષ્ટ સાધના માનવામાં આવેલ છે.

સંસાર વ્યવહારમાં સામુહિકતા આદર્શ ગણાય છે તો સાધના જીવનમાં અસામુહિકતા આદર્શ કહેવામાં આવેલ છે. સાધુનો બીજો મનોરથ જ એકલ વિહારચર્યારૂપ બતાવવામાં આવેલ છે. તથા અહીં તહીં આગમોમાં આત્માને એકત્વથી ભાવિત કરવાની પ્રેરણા કરવામાં આવી છે. સામુહિક ગોચરીમાં અને તેમાં પણ અધિક સમૂહ એકઠો થવામાં આહાર અને પાણીમાં અનેક સૂક્ષ્મ સ્થૂળ દોષ લાગવાની સંભાવના રહે છે.

જ્યારે સ્વતંત્ર ગોચરી અને સ્વતંત્ર એકલ વિહારનો એકાંત નિષેધ અપનાવી લેવામાં આવે છે તો ગુણવર્ધક એકલવિહાર અને સ્વતંત્ર ગોચરીનો માર્ગ અવરુદ્ધ થઈ જાય છે અને અવગુણરૂપ સ્વચ્છંદોનો માર્ગ તો વિરોધ કરવા છતાં પણ અટકતો નથી. તેના ફળસ્વરૂપ જિનશાસનમાં સ્વચ્છંદ વિહારની વૃદ્ધિ થતી રહે છે. જો પહેલાથી જ સુંદર વિધિ વિધાનોની સાથે આગમ ચિંતનપૂર્વક આગમ- સંમત સ્વતંત્ર વિહાર અને સ્વતંત્ર ગોચરીમાં અવરોધ નહિ કરીને સાધકોને અવસર દેવામાં આવે તો દૂષિત તત્ત્વોનો માર્ગ અવરોધાય અને યોગ્ય સાધકોનો આજ્ઞાપૂર્વક માર્ગ ખુલે જેથી જિનશાસનમાં શુદ્ધ તત્ત્વોની સંખ્યા વધે અને અશુદ્ધ તત્ત્વોની સંખ્યા રોકાય.

**ઉપસંહાર :–** પ્રત્યેક પ્રાવધાન વ્યવસ્થાઓમાં લાભ અને હાનિ બન્ને અલગ અલગ અંશમાં નિહિત હોય છે. અપેક્ષિત હાનિ અથવા લાભ વિના કોઈપણ પ્રવૃત્તિ નથી થતી. તેથી કોઈપણ આગમસંમત સમાધિકારક સાધનાને વિકસિત કરવાવાળી ચિત સમાધિની પ્રવૃત્તિઓનો હાનિના બહાને એકાંત નિષેધ કરવાનું કદાપિ ઉચિત કહી શકાય નહિ.

**સ્વતંત્ર ગોચરી અને સ્વતંત્ર વિહારની યોગ્યતા :–**

**૧.** ત્રણ વર્ષની દીક્ષા હોય.
**૨.** આચારાંગ નિશીથનો ધારક અર્થાત્ ગીતાર્થ અથવા બહુશ્રુત હોય.
**૩.** ધૈર્યવાન, ગંભીર, શાંત સ્વભાવી હોય.
**૪.** પ્રિય-ભાષી અને અલ્પભાષી હોય.
**૫.** ગવેષણાની પરીક્ષામાં ઉત્તીર્ણ હોય.
**૬.** કોઈપણ પદાર્થમાં પ્રતિબદ્ધ ન હોય, આસક્તિ ન હોય, કોઈ વ્યસન ન હોય.
**૭.** સદા કોઈ અભિગ્રહ ધારણ કરીને ગોચરી જાય.
**૮.** બીજાઓને માટે તિરસ્કાર પૂર્ણ વ્યવહાર અને ભાષાનો પ્રયોગ ન કરે.
**૯.** છેદ સૂત્રના વિવેચનનું(ગુઢપ્રાણ રાજકોટથી પ્રકાશિતનું) ઓછામાં ઓછું બે વખત વાંચન કર્યું હોય.
**૧૦.** નિયમિત સ્વાધ્યાય કરે, વ્યર્થ સમય વ્યતીત ન કરે.
**૧૧.** સેવાની આવશ્યકતા થવા પર આજ્ઞા પ્રાપ્ત થતાં જ તત્પર રહેવા વાળો.
**૧૨.** શ્રદ્ધા પ્રરૂપણામાં આગમ નિરપેક્ષ બુદ્ધિ ન હોય.
**૧૩.** ગૃહસ્થો અને અન્ય સંપ્રદાયના સાધુઓ પ્રત્યે સદ્ભાવના તેમજ સહૃદયતા હોય.
**૧૪.** ઉત્સર્ગ અપવાદનો વિવેકપૂર્વક નિર્ણય કરી શકવા સમર્થ હોય.
**૧૫.** આગમ સંમત પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરવાની સરળતા હોય.
**૧૬.** બ્રહ્મચર્યની સુરક્ષાના સર્વ નિયમ-ઉપનિયમોમાં ઉત્તીર્ણ હોય.
**૧૭.** મહિનામાં ઓછામાં ઓછા ચાર દિવસ તપસ્યા કરે.(આયંબિલ, નિવી, ઉપવાસ)
**૧૮.** ઔષધ સેવન ન કરે, સદા વિશેષ વિગય સેવન ન કરે. વિશેષ કારણ વિના માખણ, મધ ન વાપરે અને સકારણ લે તો મર્યાદા(૧–૨ તોલા)થી વધારે ન લે,
**૧૯.** સ્વાસ્થ્ય સંબંધી નિયમ-ઉપનિયમ, આહાર-વિહારનો અનુભવી હોય.
**૨૦.** વિનય સહિત વિનંતી કરી સ્વતંત્ર ગોચરીની આજ્ઞાપ્રાપ્ત કરવી.
**૨૧.** અપવાદની પરિસ્થિતિમાં અલ્પ યોગ્યતા વાળો પણ ગીતાર્થની આજ્ઞાથી સ્વતંત્ર ગોચરી કરી શકે છે. જેમ કે અર્જુનમાળી.

**॥ સાધુનો બીજો મનોરથ : ગચ્છ મુક્ત થઈને એકલવિહાર ચર્યા ધારણ કરવી ॥**







# ગૃહસ્થનો સાધુ પર માતા-પિતા હોવાનો અધિકાર

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચારે ય મોક્ષમાર્ગના પથિક છે, આત્મ સાધનાના સાધક છે. તેઓ પરસ્પર સાધર્મિક નાના મોટા ભાઈ જેવા છે. સાધુ મહાવ્રતધારી છે અને શ્રાવક અણુવ્રતધારી છે. તેથી કોઇ, કોઇના પર અધિકાર જમાવે કે કોઇનો તિરસ્કાર કરે એવું કંઇપણ, કોઇને પણ યોગ્ય નથી. સાધક પરસ્પર એક બીજાના સહયોગી બની શકે છે, એક બીજાના સહયોગથી પોતાની સાધનાને બલવતી બનાવી શકે છે. કદાચિત્ કોઇની સાધના અલ્પ બલવતી કે હીન સત્ત્વવાળી દેખાય તો અત્યંત લાગણીપૂર્વક પરમ ભક્તિ અને વિવેક સાથે તેની સાધના બલવતી બને તેવા સહાયક બનવાનો પ્રયત્ન કોઈ પણ સાધક(સાધુ કે શ્રાવક) કરી શકે છે. તેથી જ કવિએ કહ્યું છે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.**

આગમ વર્ણનમાં શૈલક રાજર્ષિની અને પાર્શ્વનાથ ભગવાનની અનેક સાધ્વીજીઓની માર્ગ ભૂલેલી અવસ્થા વર્ણિત છે. તોપણ ત્યાં સાધુ-શ્રાવક દ્વારા અધિકાર જમાવવાની કોઇ વાત કરેલ નથી. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૭માં વર્ણિત ૫૦૦ સાધુઓના સ્વામી ગર્ગાચાર્યએ અને તે સમયના શ્રાવકોએ એક-એક સાધુને અધિકાર જમાવી મારી-મારીને સીધા કર્યાનું વર્ણન નથી. પોતાને જ તીર્થંકર કહેવડાવવા છતાં તથા પોતાને સાધુ માનીને પણ ભગવાનની સામે જેમ તેમ બોલનાર તથા બે સાધુની ઘાત કરનાર ગોશાલક ઉપર પણ કોઇએ અધિકાર જમાવવાની વાત કે મા-બાપ થવાનો પ્રયત્ન કર્યો નથી. ગોશાલકનો ઉપાસક અયંપુલ શ્રાવક પણ ગોશાલકને મર્યાદાહીન પ્રવૃત્તિમાં જોઇને તેના પર કંઇ પણ અધિકાર નહીં જમાવીને સ્વયં પાછો ઘરે જવા લાગ્યો. તેથી ધર્મ માર્ગમાં, ધર્મસભામાં કે ગુરુ-શિષ્યના વ્યવહારમાં કોઇ, કોઇના પર અધિકાર જમાવવાની વાત સમજવી ન જોઇએ પરંતુ

એક-બીજાની સાધનામાં બની શકે તેટલું સહયોગી બનવું જોઈએ. શક્ય ન હોય તો ઉપેક્ષા કે આત્મસુરક્ષા કરવી જોઈએ પરંતુ ઘૃણા-નિંદા, તિરસ્કાર, સંઘ બહિસ્કૃતિ, હીન ભાવના, કોઈના જીવન સાથે રમત આદિ પ્રવૃત્તિઓ કોઈપણ ધર્મિષ્ઠે કરવી યોગ્ય ન કહેવાય. એવી પ્રવૃત્તિઓ જે પણ સાધક કરે છે તે તેનું વ્યક્તિગત માન, સંકીર્ણતા, સ્વાર્થ, સ્વજમાવટ, બીજાને નીચા પાડવા આદિ હીન ભાવનાઓનું પરિણામ છે. કોઈપણ સાધક પડતા હોય તેને ઉભા કરવા તે કર્તવ્ય છે પરંતુ ન ઉઠે તો ઠોકરો મારવી, તે કોઈપણ ધર્મીનું તો શું સજ્જનનું કર્તવ્ય પણ નથી. અનેક પ્રકારના લક્ષણોવાળા શ્રાવકોને ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારે અહીં ચાર પ્રકારના સ્વભાવવાળા કે વ્યવહાર કરવાવાળા શ્રાવક બતાવ્યા છે–

**(૧) માતા- પિતા** જેવી હાર્દિક લાગણી યુક્ત આત્મીયતાનો વ્યવહાર કરનારા અને સદા વિકાસમાં સહયોગી બનનારા શ્રાવક. જે રીતે યોગ્ય શિક્ષિત માતાપિતા બાળકને ભૂલ કરે ત્યારે થોડી ઉપેક્ષા, થોડી શિક્ષા, થોડી સમજાવટ, થોડું સંરક્ષણ કરીને પ્રેમથી તેને અવગુણોથી બચાવવાનો અને ગુણોમાં પ્રગતિ કરાવવાનો પ્રયત્ન કરે છે તે જ રીતે કોઈ શ્રમણ સાધક ગુઢ સાંનિધ્યના અભાવમાં કે સાચા સંસ્કારોના અભાવે ક્યાંક માર્ગ ચ્યુત થાય તો શ્રાવક પોતાની શક્તિ અનુસાર, પોતાના સમભાવોની દઢતાનો ખ્યાલ રાખીને, ગુઢ-ભક્તિને સુરક્ષિત રાખીને, ગુઢસન્માન નિભાવીને, વિવેક અને વિચક્ષણતાથી શ્રમણને સન્માર્ગની પ્રેરણા કરે, સન્માર્ગે જોડે, તો તેવી યોગ્યતાવાળા તેમજ વિવેકવાળા શ્રાવક આ શાસ્ત્રકથન અનુસાર માતા-પિતા સમાન કહેવાય છે. **(૨-૩)** એ જ પ્રમાણે ભાઈ-ભાઈ જેમ એક બીજાના હિતૈષી સહયોગી થાય છે. મિત્ર-મિત્ર એક બીજાના સહયોગી થાય છે. તેવો ભ્રાતૃત્વનો વ્યવહાર કે મિત્રતા જેવો સહયોગી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં સૂત્રમાં (૨) **ભાઈ** સમાન અને (૩) **મિત્ર** સમાન શ્રમણોપાસક કહેલ છે. **(૪)** જેવી રીતે એક વ્યક્તિની અનેક અયોગ્ય પત્નીઓ પરસ્પર શોક્યવૃત્તિયુક્ત રહેતી હોય છે તે જ રીતે કેટલાક શ્રાવક સાધુ-સાધ્વીઓ પ્રતિ રાગ, દ્વેષ, મારું-તારું જેવી વૃત્તિ રાખે છે, કોઈ પોતાના રાગવાળા સાધુ-







સાધ્વીઓના મોટા-મોટા દોષ પણ પેટમાં સમાવી લે છે. ભલે ત્યાં વારંવાર મોટા-મોટા ઓપરેશન થાય, રોજ નવા લડાઈ-ઝગડા, ટંટા-ફસાદ થતા હોય, ફાટ-ફૂટ, ફજેતી, ભાગવું, ગચ્છ છોડવો કે ગુઢ વડીલની અવહેલના થતી હોય તે બધી ખોટી પ્રવૃત્તિઓને પેટમાં પચાવી જાય છે અને જેને પરાયા સમજે તેના નાના-નાના દોષને પણ અતિ શિખર પર ચડાવવાનું, નિંદા-ઘૃણાનું અને હીન ભાવનાનું વાતાવરણ બનાવવાનું માનસ રાખીને વ્યવહાર કરતા હોય, એવા શ્રાવકોને અહીં શાસ્ત્રમાં શોક્યવૃત્તિવાળા કે **શોક્યસમાન** શ્રાવકની કોટિમાં કહેલ છે. આ પ્રમાણે અહીં શ્રાવકોને માત્ર માતાપિતા સમાન જ કહેલ નથી કે માતા-પિતાનો રૂઆબ જમાવનારા જ કહેલ નથી પરંતુ જે જેવો વ્યવહાર વિવેક કરનારા હોય તે પ્રમાણે ચાર કક્ષાના શ્રાવક આ સંસારમાં મળી શકે છે, તેમ દર્શાવેલ છે.

પ્રસ્તુત સૂત્રનો આશય જાણીને શ્રાવકોએ પોતે પોતાને કેવા બનાવવા તે બધું શાસ્ત્રકારની અનેકાંતિકતાને સમજીને પોતાની યોગ્યતા અને કક્ષા પ્રાપ્ત કરીને થઈ શકે તેટલી સ્વ-પરની આત્માની ભલાઈની સાધના કરવી જોઈએ, કોઈનું ખરાબ ન કરવું જોઈએ. તિરસ્કાર, નિંદા, ઘૃણાનો વ્યવહાર શાસ્ત્રના નામે કોઈ પામર પ્રાણીની સાથે પણ નહીં કરાય, ત્યારે જિનવાણીના રસિક ભૂલપાત્ર સાધકોની સાથે તેવો વ્યવહાર કરવો ક્યારે ય પણ ઉચિત ન ગણાય. માટે શ્રાવકોએ ઉપરોક્ત કવિની કવિતા જે આગમના મર્મથી ભરેલી છે, તેને જ સ્મૃતિમાં રાખવી જોઈએ કે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.**

આગમના આ પાઠનો સાર પણ એ જ છે. અહીં શ્રમણોપાસકના બીજા ચાર પ્રકાર પણ કહેલ છે. સૂત્ર–૪૫ માં કહેલા શ્રાવકના પૂર્વોક્ત ચાર પ્રકારોમાં બાહ્ય વ્યવહારોની પ્રધાનતા છે અને સૂત્ર–૪૬ માં હવે કહેવાના ચાર પ્રકાર વ્યક્તિની પોતાની આંતરિક યોગ્યતાની અપેક્ષાએ કહેલ છે.

**(૧) અરીસા(દર્પણ)સમાન શ્રાવક–** સાધુ-સાધ્વી દ્વારા નિરૂપિત ઉત્સર્ગ કે અપવાદ પરિસ્થિતિના આચારને, ગહન તત્ત્વોને, પ્રવચનના યથાર્થ ભાવોને

સમજનારા શ્રાવકને **અરીસા સમાન** કહેલ છે. અરીસામાં જેવી વસ્તુ હોય તેવી જ દેખાય છે તે જ રીતે તે શ્રાવક પણ જેવો જે તત્ત્વનો, ગુઢનો , આગમનો આશય છે તેને તેવો જ યથાર્થ સમજે છે. **(૨) ધ્વજાપતાકા સમાન શ્રાવક–** જે દિશાની હવા હોય તે તરફ ધ્વજાપતાકા લહેરાય છે તે જ રીતે જે શ્રાવક પોતાના જ્ઞાનમાં સ્થિર ન રહે, જેવી દેશના-સંયોગ મળે તે અનુસાર જ પોતાની ચિત્તવૃત્તિ બનાવી લે છે. ગમે ત્યાં ઝૂકતા ચાલે તેને અહીં ધ્વજાપતાકા સમાન શ્રાવક કહેલ છે. **(૩) ઠૂંઠાસમાન શ્રાવક–** જે શ્રાવક કોઈપણ પૂર્વગ્રહમાં, હઠાગ્રહમાં કે પરંપરાની પકડમાં જકડાયેલાં રહે છે, જ્ઞાની, ગીતાર્થ, બહુશ્રુતો દ્વારા સત્ય તત્ત્વ સમજાવવા છતાં પણ સ્વીકારતા નથી. પોતાને વિશાળ જ્ઞાન છે નહીં અને જ્ઞાનીની વાત માને નહીં, ખોટી પકડ છોડે નહીં, તેવા શ્રાવકોને અહીં પાકી ગયેલું અનાજ  વાઢી લીધાં પછી ખેતરમાં ઉભેલા નાના-નાના ઠૂંઠા સમાન કહેલ છે. તેવા શ્રાવક નમ્રતા રહિત સ્વભાવવાળા હોય છે. **(૪) કંટક સમાન શ્રાવક–** જે દુરાગ્રહી શ્રાવક સમજાવનારા ગુઢ સાથે પણ દુર્વચનયુક્ત વ્યવહાર કરે, પોતાની મૂર્ખતા સમજ્યા વગર ગુઢ પર દોષારોપણ કરે તે કંટક સમાન શ્રાવક કહેવાય છે. જેમ કાંટાળી વાડના કાંટા એક તરફથી કાઢે તો બીજી તરફ ખૂંચે છે તેમજ કંટક સમાન પીડાકારી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં તીક્ષ્ણ કંટક સમાન કહેલ છે.

આ રીતે પોતપોતાની માનસિકતા અને ક્ષયોપશમ અનુસાર કોઈ શ્રાવક અરીસા જેવા અને કોઈ કંટક જેવા પણ હોય છે. તે જાણીને શ્રાવકોએ કઈ કોટિમાં આવવું છે તેનો સ્વયં નિર્ણય કરી, સુંદર ક્ષયોપશમ પ્રાપ્ત કરી અને સુંદર પ્રકૃતિ સ્વભાવ બનાવી અરીસા જેવા ઉત્તમ શ્રાવક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.







## સાંવત્સરિક વિચારણા : સંવાદ

**જિજ્ઞેશ–** સંવત્સરી પર્વની મૂળ તિથી કઈ છે ?

**દિનેશ–** ભાદરવા સુદ પાંચમ.

**જિજ્ઞેશ–** આજકાલ ચૌથના દિવસે પણ સંવત્સરી હોય છે આમ કેમ ?

**દિનેશ–** એવી લોકવાયકા પ્રચલિત છે કે કોઈ એક ક્ષેત્રમાં ચાતુર્માસમાં એક રાજાના આગ્રહથી એક આચાર્યને ચૌથના દિવસે સંવત્સરી કરવી પડી હતી, તેને પરંપરા બનાવી આજ  સુધી કેટલાક ચોથના દિવસે સંવત્સરી કરે છે.

**જિજ્ઞેશ–** ચૌથના દિવસે સંવત્સરી કોણ મનાવે છે ?

**દિનેશ–** શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ.

**જિજ્ઞેશ–** પાંચમની સંવત્સરી કોણ મનાવે છે ?

**દિનેશ–** શ્વે.સ્થાનકવાસી સમાજ તથા શ્વે.તેરાપંથી સમાજ .

**જિજ્ઞેશ–** દિગંબર સમાજ સંવત્સરી ક્યારે મનાવે છે ?

**દિનેશ–** દિગંબર સમાજ પણ સંવત્સરી ભાદરવા સુદ પાંચમના મનાવતા હતા, પરંતુ તેમણે સંવત્સરી પછી નવ દિવસ આરાધના માટે રાખ્યા અને ધીરે-ધીરે ભાદરવા સુદ પાંચમનું મહત્વ ઓછું થયું, ધર્મારાધનાનો અંતિમ દિવસ ચૌદસનું મહત્વ વધારે થઈ ગયુ અને તે જ દિવસ માટે સંવત્સરીનું મહત્વ પ્રચલિત થઈ ગયું. છતાં પણ તેમની પર્યુષણ પર્વ આરાધના ભાદરવા સુદ પાંચમથી જ  પ્રારંભ થયાનું માનવામાં આવે છે.

**જિજ્ઞેશ–** જૈનના ચાર મુખ્ય ફિરકા છે, એમાથી ચોથના સંવત્સરી મનાવવા વાળા કેટલા છે અને પાંચમના મનાવવા વાળા કેટલા છે ?

**દિનેશ–** શ્વે.મૂર્તિપૂજક સિવાય ત્રણેય જૈન ફિરકા ભાદરવા સુદ પાંચમના દિવસે સંવત્સરી મનાવે છે. શ્વે.મૂર્તિપૂજકમાં પણ કોઈક સમુદાય પાંચમના સંવત્સરી ની માન્યતાવાળા છે.

**જિજ્ઞેશ–** ચોથના સંવત્સરી માનવાવાળા પણ પાંચમના સંવત્સરી અંગેની પ્રાચીનતા તથા મૌલિકતાનો સ્વીકાર કરે છે ?

**દિનેશ–** હા, ચોથના સંવત્સરી મનાવવાળા સર્વે સૂજ્ઞ સાધક પાંચમની મૌલિકતા તથા પ્રાચીનતા સહર્ષ સ્વીકાર કરે છે અને ચોથના મનાવવાનું ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણના સેંકડો વર્ષ પછી વ્યવહારમાં આવેલ પરંપરા માને છે.

**જિજ્ઞેશ–** એક આચાર્યએ એક નગરમાં ચોથની સંવત્સરી કોઈ કારણસર કરેલ તો તેને હંમેશ માટે પરંપરા કેમ બનાવી ?

**દિનેશ–** સમાજમાં એવી પરંપરા એમ જ ચાલતી રહે છે . પછીનો સમાજ તેને નિશ્ચિત્ત સિદ્ધાંત બનાવી લે છે. તેનું કારણ અવિચારીપણું તેમજ ભક્તિનો અતિરેક જ સમજવો જોઈએ.

**જિજ્ઞેશ–** શું ચોથની સંવત્સરી આગમ વિઢદ્ધ છે ? તેનું કોઈ પ્રાયશ્ચિત્ત છે ?

**દિનેશ–** ચોથના સંવત્સરી કરવી તે આગમ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું છે, અને તેનું શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત કહેલ છે.

**જિજ્ઞેશ–** તેનું આગમ પ્રમાણ શું છે ?

**દિનેશ–** નિશીથસૂત્ર ઉદ્દેશક ૧૦નું ૩૬ અને ૩૭મા સૂત્રમાં આપેલ છે.

**જિજ્ઞેશ–** એ સૂત્રમાં શું વર્ણન છે ?

**દિનેશ–** નિશીથસૂત્રના આ બે સૂત્રોનો આશય આ પ્રમાણે છે–

**૧.** સંવત્સરીનો જે દિવસ નક્કી કરેલ છે, તે દિવસે સંવત્સરી પર્વ આરાધના ન કરવી એક અપરાધ છે. **૨.** સંવત્સરીના નક્કી કરેલ દિવસે સંવત્સરી આરાધના ન કરીને અન્ય કોઈ પણ દિવસે સંવત્સરી પર્વની આરાધના કરવી તે પણ બીજો અપરાધ છે. આ બન્ને અપરાધ કરવાવાળા શ્રમણ ગુઢ ચૌમાસી પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

**જિજ્ઞેશ–** સંવત્સરીનો નક્કી દિવસ તો આજકાલ ચોથ અને પાંચમ બન્ને પ્રચલિત છે ? તો પ્રાયશ્ચિત કોને આવે છે ?

**દિનેશ –** નિશીથસૂત્રનો આ પાઠ તો અતિપ્રાચીન અને ગણધર રચિત છે તથા ચોથની પરંપરાતો વીર નિર્વાણના સેંકડો વર્ષ પછીની માનવામાં આવે છે. પાંચમની નક્કી તિથિ જ આગમ કાળની છે. અને આગમ નિશીથ સૂત્રનું ઉપરોક્ત વિધાન પણ પાંચમની અપેક્ષાએ જ છે.

**જિજ્ઞેશ–** પાંચમનું સ્પષ્ટ પ્રમાણ શું છે ?

**દિનેશ–** ચોથ કે પાંચમ કોઈ પણ દિવસ સંવત્સરી મનાવવાવાળા સર્વે સાધક પાંચમને મૌલિક, પ્રાચીન તથા આગમ કાળથી સહર્ષ સ્વીકાર કરે છે અર્થાત્ પાંચમની મૌલિકતા સ્વીકાર કરવામાં દરેક સાધક એકમત છે, એ માટે કોઈનો વિરોધ છે જ નહીં. આ સત્ય વાત છે. આ જ પાંચમની પ્રાચીનતાનું પ્રમાણ છે.

આગમમાં સંવત્સરીનો એક નિશ્ચિત દિવસ હોવાનો નિર્દેશ છે અને







આગમની વ્યાખ્યામાં અનેક જગ્યાએ **ભાદરવા સુદ પાંચમનો જ** ઉલ્લેખ કરેલ છે. પ્રચલિત ચોથ માટે એક રાજા અને એક આચાર્યની બનેલી ઘટનાનું ઉદાહરણ આપવામાં આવે છે, તેમાં પણ પાંચમની જ મૌલિકતા પ્રગટ થાય છે. અને ચોથતો પાછળથી ચલાવવામાં આવેલી પરંપરા જ છે, તે પણ સ્પષ્ટ છે.

**જિજ્ઞેશ–** નિશીથ સૂત્રમાં નિશ્ચિત તિથિના દિવસે સંવત્સરી આરાધના કરવા ઉપરાંત સંવત્સરી સંબંધી અન્ય કઈ-કઈ વાત છે ?

**દિનેશ–** નિશીથ સૂત્રના ઉદ્દેશક ૧૦માં સંવત્સરી સંબંધી અન્ય વિધાન પણ છે, જે આ પ્રમાણે છે– **૧.** સંવત્સરીના દિવસ સુધીમાં શ્રમણે જરૂરથી લોચ કરી લેવો જોઈએ. ગાયના રૂંવાટાથી પણ નાના વાળ હોયતો લોચ કરવો જરૂરી નથી. **૨.** સંવત્સરીના દિવસે શ્રમણે ચૌવિઆરો ઉપવાસ કરવો જરૂરી છે. તણે સંવત્સરીના દિવસે આહાર કે પાણીનું સેવન કરવું જોઈએ નહીં. **૩.** પર્યૂષણ કલ્પ નામના દશાશ્રુત સ્કંધ સૂત્રનું આઠમું અધ્યયન છે જેમનું સંવત્સરીના દિવસે વાચન, શ્રવણ, ચિંતન, મનન કરવું જરૂરી છે તેને સંસારી લોકોની સભામાં ન સંભળાવવું જોઈએ .

**જિજ્ઞેશ–** શું નિશીથના આ વિધાનોમાં સંવત્સરી પ્રતિક્રમણ અંગે વિધાન છે

**દિનેશ–** ત્યાં નિશીથ સૂત્રમાં ઉપર બતાવેલ સાધ્વાચારનું વિશેષ વિધાન છે. પ્રતિક્રમણ બાબત ત્યાં કોઈ વિધાન નથી. પ્રતિક્રમણતો શ્રમણોનું આવશ્યક કર્તવ્ય છે તેથી વિશેષ વિધાનોમાં તેના ઉલ્લેખની કોઈ જરૂરીયાત પણ નથી.

**જિજ્ઞેશ–** શ્રમણ-શ્રમણીઓએ સંવત્સરી પ્રતિક્રમણ કરવું એ ખાસ કર્તવ્ય નથી?

**દિનેશ–** ચોવીસમા તીર્થંકરના શાસનમાં શ્રમણ-શ્રમણીઓએ દરરોજ સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું જરૂરી હોય છે, જેનાથી શ્રમણ હંમેશા વ્રત શુદ્ધિ તથા ક્ષમાપના ભાવમાં જાગૃત રહે છે. આ પ્રતિક્રમણ ધર્મવાળા શ્રમણોનું નિત્ય અવશ્ય કરવાનો અચાર છે. એ માટે સંવત્સરી આરાધનાના આ વિષયોમાં તેનું અલગથી કથન કરવામાં આવેલ નથી.

**જિજ્ઞેશ–** પાખી, ચૌમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણનું અલગ મહત્ત્વ માનવામાં આવે છે તે કઈ રીતે ?

**દિનેશ–** શ્રાવક વર્ગ માટે ઉભયકાળ પ્રતિક્રમણ કરવું આવશ્યક નથી હોતું કેટલાક શ્રાવકો જ હમેશાં પ્રતિક્રમણ કરે છે. પરંતુ, મોટા ભાગના પખવાડીક, ચૌમાસી કે સંવત્સરી પ્રતિક્રમણ કરનાર હોય છે. તેથી શ્રાવક સમાજની અપેક્ષાએ

પખવાડીક, ચૌમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણનું મહત્ત્વ સમજવું જોઇએ.

**જિજ્ઞેશ–** જ્ઞાતા સૂત્રના પાચમાં અધ્યયનમાં શ્રમણો માટે પણ પર્વદિને ચૌમાસી, પાખીના દિવસે પ્રતિક્રમણ બાબતે વર્ણન છે ને ?

**દિનેશ–** ***જ્ઞાતા સૂત્રમાં વર્ણવેલ શ્રમણ ૨૨માં તીર્થંકરના શાસન સમયના હતા. બીજા તીર્થંકરથી ૨૩માં તીર્થંકર સુધીના શાસનકાળમાં શ્રમણોએ નિયમિત દેવશી -રાયશી પ્રતિક્રમણ કરવું આવશ્યક ન હતું . એટલા માટે શ્રાવક વર્ગની જેમ શ્રમણોના પણ પર્વ તિથિઓના વિશેષ રૂપે પ્રતિક્રમણ હોય છે. આ અપેક્ષાએ જ્ઞાતા સૂત્રમાં તે વર્ણન છે .***

**જિજ્ઞેશ–** નિશીથ સૂત્ર સિવાય અન્ય કોઈ આગમમાં સંવત્સરી અંગે કોઈ પણ વિધાન છે ?

**દિનેશ–** સમવાયાંગ સૂત્ર સમવાય ૭૦માં કંઈક વિધાન છે જેનો આશય એ માનવામાં આવે છે કે ચૌમાસાનો એક મહિનો અને વીસ દિવસ પસાર થયા પછી અને સિત્તેર દિવસ બાકી રહે ત્યારે સંવત્સરી પર્વની આરાધના કરવી જોઈએ. તે સિવાય અન્ય કોઇ વિધાન નથી. આ સૂત્રની ટીકામાં પણ ભાદરવા સુદ પાંચમનું જ કથન છે.

**જિજ્ઞેશ–** કલ્પ સૂત્રમાં પણ સંવત્સરી સંબંધી વિધાન છે ને ?

**દિનેશ–** કલ્પ સૂત્ર ૩૨ આગમમાં નથી તથા ૪૫ આગમોમાં પણ આ સૂત્રની ગણતરી કરવામાં આવતી નથી. તે દશાશ્રુત સ્કંધના આઠમાં અધ્યયનના નામથી અન્ય અનેક ઉચિત્ત-અનુચિત્ત મિશ્રણોવાળું પિંડ બનાવી સૂત્ર બનાવેલ છે. આ કલ્પસૂત્રનું પ્રથમ સૂત્ર સંવત્સરી વિષયનું છે જે અસંગત છે. આગમ વિપરીત પણ છે તેમજ મનછંદે બનાવેલ સૂત્ર છે. આ વિષયની બીજી વધારાની જાણકારી એ જ પુસ્તકમાં જોવી જોઈએ.

**જિજ્ઞેશ–** સ્થાનકવાસી, તેરાપંથી તથા દિગંબર એ ત્રણેય જૈન ફિરકાવાળા પાંચમનો સ્વીકાર કરવાવાળા છે તો પણ ક્યારેક ચોથના અને ક્યારેક પાંચમના દિવસે સંવત્સરી કરતા જોવા મળે છે. સ્થાનકવાસી સમાજના જુદા-જુદા સમુદાય પણ એક જ વર્ષમાં ચોથ,પાંચમ કે બે સંવત્સરી મનાવતાં જોવા મળે છે તથા સંવત્સરી પર્વની એકતા અનકેતાના નામથી આ પાંચમના પક્ષવાળા પણ અંદરોઅંદર કેમ વિવાદ કરે છે ?

**દિનેશ–** આમાં બે વિભાગ છે, એક વિભાગ પ્રતિક્રમણના સમયે પાંચમના ઘડી-







પલ હોવાનો આગ્રહ રાખે છે. બીજો વિભાગ પચાંગમાં લખેલ પાંચમનો સ્વીકાર કરે છે. આ જ વિવાદ અને ભેદભાવનું મુખ્ય કારણ છે.

**જિજ્ઞેશ–** આ બે વિભાગો કોના અને ક્યા છે ?

**દિનેશ–** શ્વે.તેરાપંથ, સ્થાનકવાસી શ્રમણ સંઘ તથા પ્રાયઃ(લગભગ) દિગમ્બર સમાજનું એક સંકળાયેલ સંગઠન છે. જે પંચાંગમાં લખેલ પાંચમને દિવસે સંવત્સરી કરવાના નિર્ણયમાં દ્રઢ છે. આ **પહલો વિભાગ** છે. **બીજા વિભાગ**માં બાકી રહેલા સ્થાનકવાસીના કોઈક સ્વતંત્ર સંપ્રદાય છે. તેઅસ્ત તિથિના આધારે પર્વ કરે છે. તેને તેઓ પોતાની પ્રાચીન(૨૦૦-૨૫૦) વર્ષની પરંપરા સમજે છે તથા પ્રતિક્રમણના સમયે ઘડી-પળથી પાંચમ આવવાનું ધ્યાન રાખે છે. આ કારણે તે સમુદાય ક્યારેક પંચાંગમાં લખેલ ચોથના દિવસે સંવત્સરી કરે છે, ક્યારેક પંચાંગમાં લખેલ પાંચમના દિવસે સંવત્સરી કરે છે.

**જિજ્ઞેશ–** સ્થાનકવાસી શ્રમણ સંઘ વાળા પણ ક્યારેક ચોથના સંવત્સરી કરતા જોવામા આવે છે, આમ કેમ ? એ તો મોટા સંઘ સાથે જોડાયેલ છે ને ?

**દિનેશ–** આમા પણ કોઈ પ્રમુખ શ્રમણ પરંપરાગત અસ્તતિથિને માનવાવાળા છે. તેઓ ક્યારેક પૂર્વના સંસ્કારોના પ્રવાહમાં આવી જાય છે, ત્યારે ચોથના સંવત્સરી કરતા જોવામાં આવે છે.

**જિજ્ઞેશ–** પ્રતિક્રમણ સમયે પાંચમના ઘડી પળ જોવા યોગ્ય છે ?

**દિનેશ–** ઉપર બતાવવામાં આવેલ છે કે શ્રમણો માટે સંવત્સરીનું મહત્ત્વ ઉપવાસ વગેરે કર્તવ્યો માટે છે, પ્રતિક્રમણ માટે નથી. આગમમાં સંવત્સરી પ્રતિક્રમણ કરવા સંબંધે પ્રાયશ્ચિત્ત ન કહીને ચૌવિહાર ઉપવાસ ન કરવાનું પ્રાયશ્ચિત કહેલ છે. તેથી પાંચમના ઘડી પળને પ્રતિક્રમણ માટે જોવા યોગ્ય નથી. ઉપવાસ માટે યોગ્ય પાંચમનો દિવસ ક્યો છે તે શોધવું જોઇએ, વિચારવું જોઇએ .

**જિજ્ઞેશ–** પાંચમના ઘડી પળ સાડા ચાર વાગ્યે પૂર્ણ થઈ જાય તો પ્રતિક્રમણના સમયે પાંચમના ઘડી પળ જોવાવાળા પ્રતિક્રમણ ક્યારે કરે ?

**દિનેશ–** એવા સંજોગોમાં કેટલાક લોકો સાડા ચાર વાગ્યે જ પ્રતિક્રમણ કરે છે.

**જિજ્ઞેશ–** કસમયે પ્રતિક્રમણ કરવું યોગ્ય છે ?

**દિનેશ–** નહીં,એમ કરવાથી હાસ્યપાત્ર બનવું પડે છે.

**જિજ્ઞેશ–** શાસ્ત્રમાં સંવત્સરીએ ઉપવાસ કરવો મુખ્ય કર્તવ્ય છે તો એને પાંચમના ઘડી પળ સાથે કરવાનું ધ્યાન રાખવું જોઇએ શું ?

**દિનેશ–** ઘડી પળની પાંચમના ઉપવાસ કરવાનું શક્ય પણ નથી અને એવો ઉપવાસ જૈન માન્યતાથી વિપરીત અને હાંસીપાત્ર હાય છે.

**જિજ્ઞેશ–** એમ કેમ ?

**દિનેશ–** ચૌથના દિવસે સવારે/બપોરે ચાર વાગ્યે પાંચમની ઘડિયાં ચાલુ થઈ બીજે દિવસે ત્રણ વાગ્યે સમાપ્ત થઈ જાય તો ઘડીપલની પાંચમ કરવાવાળા ચોથના ચાર વાગ્યા સુધી આહાર લેશે અને પાંચમના ત્રણ વાગ્યા પછી પારણા કરી લેશે. આ પ્રકારે આગમ પ્રમાણે ચોથનો તેને ઉપવાસ નહી થાય અને પાંચમનો પણ નહી થાય. તેથી ઉપવાસ તો પંચાંગમાં લખેલ તિથિએ કરવો બરાબર થશે. તે જ પાંચંગની તિથિ નક્કી તિથિ હોય છે. ઘડી પળથી ઉપવાસ કરવો તે જૈન તો શું, જૈનેત્તર સમાજ પણ માન્ય કરતો નથી.

**જિજ્ઞેશ–** શું અસ્તતિથિના આગ્રહ વાળા આવી સ્પષ્ટ પ્રમાણવાળી વાત નથી સમજી શકતા ?

**દિનેશ–** પ્રતિક્રમણ અને ઉપવાસમાંથી આગમમાં ઉપવાસનું મહત્વ છે, એ જ્યાં સુધી નહી સમજે, ત્યાં સુધી તે પ્રતિક્રમણના પ્રાધાન્યમાં અટવાયેલા રહેવા ને કારણે આ વાતને સહજ સમજી સકતા નથી તેમજ સ્વીકારી પણ સકતા નથી.

**જિજ્ઞેશ–** ઉદય અસ્તના સંબંધમાં આગમ કે ગ્રંથોમાં કોઈ કથન છે ?

**દિનેશ–** ૩૨આગમોમાં અથવા ૪૫આગમોમાં ૬પર્વ તિથિઓનું તથા ચાર્તુમાસ સંવત્સરી પર્વ દિવસનો ઉલ્લેખ છે પરંતુ, ઉદય-અસ્ત,ઘડી-પલ વગેરેના હિસાબનો કોઈ ઉલ્લેખ કે ઈશારો પણ નથી.**પ્રાચીન જૈન ગ્રંથોમાં ઉદય તિથિને અર્થાત્ પ્રચલિત વ્યવહારિક તિથિની જ પર્વઆરાધના માટે પ્રેરણા કરવામાં આવેલ છે, તેની જ યોગ્યતા બતાવેલ છે.**

**જિજ્ઞેશ–** જૈન ગ્રંથના એ વાક્યોની અર્થ સહિત સ્પષ્ટતા કરશોજી ?

**દિનેશ–** ધર્મ કર્માદિષુ(પ્રગટ) તિથિરૂપા તિથિરેવ ગ્રાહ્યા . તિથિશ્ચ પ્રાતઃ પ્રત્યાખ્યાન વેલાયાં યા સ્યાત સા પ્રમાણમ્ . સૂર્યોદયાનુસારેણેવ લોકે પિ દિવસાદિ વ્યવહારાત્ આહુરપિ –

ગાથા–
**ચાઉમ્માસિ ય વરિસે, પક્ખી ય પંચઅઠમીસુ ।**
**તાઓ તિહિઓ જાસિં, ઉદેઈ સૂરો ન અણ્ણાઓ ।।૧।।**
**પૂઆ પચ્ચક્ખાણં પડિક્કમણં તહ ય નિયમ ગહણં ચ ।**
**જીએ ઉદેઈ સૂરો, તીએ તિહિએ ઉ કાયવ્વં. ।।૨।।**
**ઉદયમ્મિ જા તિહિ સા પમાણં, ઈયરાએ કીરમાણીએ ।**
**આણાભંગ અણવત્થા, મિચ્છત્ત વિરાહણં પાવે ।।૩।।**







**ભાવાર્થ–** ધર્મ કાર્યમાં જે વ્યવહારિક તિથિ હોય છે તે જ તિથિ સ્વીકારવી જોઈએ. ચાર્તુમાસ,સંવત્સરી,પાંચમ,આઠમ,પાખી વગેરેની તે જ તિથિઓ હોય છે, જેમાં સૂર્ય ઉદય થાય છે, અન્ય તિથિ નહી. પૂજા, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, નિયમગ્રહણ વગેરે ઉદય તિથિ-વ્યવહારિક તિથિ પ્રમાણે કરવું સ્વીકાર્ય છે. અન્ય અવ્યવહારિક તિથિએ ઉપરોક્ત કાર્ય કરવાથી આગમ આજ્ઞા ભંગ કરવાનો દોષ લાગે છે તથા અન્ય પણ અનેક દોષ લાગે છે– **અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ ૩ તિહિ શબ્દ.**

**જિજ્ઞેશ–** આ પ્રમાણ ક્યાંથી પ્રાપ્ત કરેલ છે ?

**દિનેશ–** સ્થા.જૈન કોન્ફરંસના મુખપત્ર **જૈનપ્રકાશ** ૩ફેબ્રુઆરી,૧૯૯૧ના પાક્ષિક પત્રમાં પ્રકાશિત શ્રમણ સંઘના મહામંત્રીશ્રી સૌભાગ્ય મુનિજી મ.સા. **કુમુદ** ના નિબંધમાંથી મેળવી છે .

**જિજ્ઞેશ–** ઘડીપળ જોઈને જ પર્વ તિથિનો નિર્ણય કરવાની પરંપરા જે ચાલી રહેલ છે તે કેટલી યોગ્ય છે ?

**દિનેશ–** પરંપરાતો અનેક બનતી રહે છે અને બદલાતી રહે છે. કોઈ પણ એવો સમુદાય નથી કે જે દાવો કરી શકે કે અમારા સમુદાયમાં ૫૦-૧૦૦ વર્ષમાં કોઈ પરંપરા બદલાઈ નથી. તેથી અહીં પરંપરાનો તર્ક તથા આગ્રહનું મહત્ત્વ નથી.

**જિજ્ઞેશ–** શું પરંપરાનું કોઈ મહત્વ નથી? કોઈ પણ પરંપરા બદલી શકાય છે?

**દિનેશ– ૧.** કોઈ પણ પરંપરા આગમથી વિઢદ્ધ છે તેમ ધ્યાનમાં આવતા જ પરિવર્તન કરવું સર્વથા યોગ્ય છે. તેનો આગ્રહ રાખવો સર્વથા અનુચિત છે. **૨.** કોઈ પરંપરાના સંબંધમાં આગમમાં ન સંમતિ છે કે ન વિરોધ છે, તે પરંપરાના સંબંધમાં ક્ષેત્રકાળની અપેક્ષાએ લાભ-હાનિ તથા સમાજની શાંતિ, એકતા વગેરેનો વિચાર કરી નિર્ણય કરવો જોઈએ. **૩.** જે પરંપરા આગમ સંમત છે, આગમઆજ્ઞા તથા ભગવતઆજ્ઞા રૂપ છે, તેનું પરિવર્તન કરવું કે તેના પરિવર્તનનો નવો સિદ્ધાન્ત બનાવવો તે જિન શાસનનો મહાન અપરાધ છે. આ અધિકાર કોઈને પણ હોતો નથી, પરંતુ વ્યક્તિગત કે થોડા સમય માટે પરિસ્થિતિ પ્રમાણે એ પરંપરામાં અપવાદ સેવન કરવો તથા પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું જિનશાસનમાં ક્ષમ્ય છે.

**જિજ્ઞેશ–** સંવત્સરીના એ પ્રકરણમાં પરંપરાથી ઉપરોક્ત ત્રણ વિકલ્પોમાંથી કયો વિકલ્પ વધારે યોગ્ય છે ?

**દિનેશ–** નિશીથ સૂત્રના પ્રમાણથી સંવત્સરી પર્વના દિવસે ઉપવાસની મુખ્યતા હોવાથી ઘડી પળ જોવાની પરંપરા પહેલા વિકલ્પમાં આવે છે. તે મુજબ તેણે

સંવત્સરીના દિવસે એટલે ભાદરવા સુદ પાંચમના દિવસે ઉપવાસ વ્રત; પ્રચલિત તથા પંચાંગમાં લખેલ પાંચમના રોજ જ કરવો જોઇએ અને માન્યતાથી ચાલી રહેલ પરંપરાને છોડી દેવી જોઇએ. આગમ આધાર વગર પ્રતિક્રમણની મુખ્યતા વાળી પરંપરા બીજા વિકલ્પમાં આવે છે. તે પ્રમાણે પણ સમાજની એકતા અને હાનિ-લાભનો વિચાર કરી પરિવર્તન કરવું સંભવ છે. તેથી ઘડી પળ પ્રતિક્રમણ માટે જોવામાં ચાલી આવતી પરંપરામાં પરિવર્તન કરવામાં કોઇ પણ દોષ નથી.

**જિજ્ઞેશ–** કોઈને વર્ષમાં પાંચમના ૨૪ ઉપવાસનો નિયમ કરવાનો હોય તો તેણે ઘડી પળની પાંચમ કે અસ્ત તિથિની પાંચમ જોવી જોઈએ શું ?

**દિનેશ–** તેણે પંચાંગમાં લખેલ પાંચમના જ દરેક ઉપવાસ કરવા જોઇએ .

**જિજ્ઞેશ–** ઘડી પળથી તથા અસ્ત તિથિથી સંવત્સરી કરવાવાળા જ્યારે ચોથની સંવત્સરી કરશે તો પાંચમનો ઉપવાસ ક્યારે કરશે ?

**દિનેશ–** તે વર્ષના ૨૩ ઉપવાસ તો પંચાંગમાં લખેલ પાંચમના કરશે અને ભાદરવા સુદ પાંચમનો ઉપવાસ તે ચોથના સંવત્સરીના દિવસે કરશે અને પાંચમના પારણા કરી લેશે અથવા પાંચમનો ઉપવાસ કરી છટ્ઠ કરી લેશે.

**જિજ્ઞેશ–** પાંચમના કાઈને બ્રહ્મચર્ય પાલનનો નિયમ હોય કે લિલોતરી ત્યાગ હોય તો તે શું કરશે ?

**દિનેશ–** ઘડી પળની ચોથની સંવત્સરી કરનાર એ બન્ને નિયમનું ચોથની સંવત્સરીના દિવસે પણ પાલન કરશે અને પંચાગમાં લખેલ પાંચમના દિવસે પણ પાલન કરશે .

**જિજ્ઞેશ–** તેની સંવત્સરીની પાંચમ જુદી અને ત્યાગ પ્રત્યાખ્યાન વગેરની પાંચમ જુદી, એ જુદી-જુદી કરવી યોગ્ય છે ?

**દિનેશ–** ઉપર આપેલ પ્રમાણ અનુસાર દરેક ધાર્મિક વ્રત નિયમ ઉપવાસ વગેરે કરવા માટે પર્વના દિવસની તિથિ પંચાગમાં લખેલ તિથિનો જ સ્વીકાર કરવો યોગ્ય છે તેમજ તેમ કરવાથી ઉપર દર્શાવેલ અસંગતતા પણ ઉત્પન્ન થતી નથી. એટલે કુમેળ પણ પેદા થશે નહીં.

**જિજ્ઞેશ–** આપણા આ વાર્તાલાપનો સાર શું રહ્યો ?

**દિનેશ–** નિશીથ સૂત્રમાં વર્ણવેલ સાધુ માટે મુખ્ય કર્તવ્ય સંવત્સરીનો ચૌવીહારો ઉપવાસ છે. અન્ય પણ કર્તવ્ય શાસ્ત્રમાં બતાવેલ છે. પરંતુ પ્રતિક્રમણ મુખ્ય નથી. એટલા માટે સંવત્સરીએ પાંચમના ઉપવાસ માટે તિથિ સમજવી જોઇએ.







તેથી પ્રતિક્રમણના સમય માટે ઘડી પળ જોઈને ક્યારે ચોથ અને ક્યારે પાંચમ, એ અસ્થિર તિથિએ સંવત્સરી ન કરતાં સ્થિર તિથિ પંચાંગમાં લખેલ પાંચમના જ સંવત્સરી પર્વની આરાધના કરવી જોઇએ.

**જિજ્ઞેશ–** એમ કરવાથી છટ્ઠની ઘડીમાં પ્રતિક્રમણ થશે ને ?

**દિનેશ–** એમાં કોઈ વાંધો નથી,કોઈ પણ શાસ્ત્રથી વિરોધ થતો નથી અલબત્ત, ઉપવાસ તો હંમેશ પાંચમના જ થશે, જેથી આગમ આજ્ઞાની આરાધના થશે.

નિશીથ સૂત્રની આજ્ઞા ઉપવાસ વગેરે માટે નિશ્ચિત્ત તિથિની અપેક્ષાએ છે અને તે તિથિ ભાદરવા સુદ પાંચમ સર્વ સ્વીકૃત તથા પ્રાચીન છે. પ્રતિક્રમણ સમયે પાંચમ જોનાર શ્રમણ શાસ્ત્રાજ્ઞા વાળો પાંચમનો ઉપવાસ ક્યારેક ચોથનો કરે છે જેનું ઉદ્દેશક ૧૦ સૂત્ર ૩૭માં ગુઢચૌમાસી પ્રાયશ્ચિત્ત કહેલ છે .

પરંતુ છટ્ઠની ઘડીમાં પ્રતિક્રમણ કરવાથી કોઈ પણ શાસ્ત્રપાઠના આધારે પ્રાયશ્ચિત્ત આવતું નથી અને ન તો કોઈ શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. જાહેર ચોથનો ઉપવાસ કરી જાહેર પાંચમનો ઉપવાસ ન કરવો, તે સ્પષ્ટ પણે શાસ્ત્રાજ્ઞા નું ઉલ્લંઘન છે.

**જિજ્ઞેશ–** પર્વના દિવસોની આરાધના કાર્ય શું જાહેર તિથિએ ન કરીને, અસ્ત તિથિએ તથા ઘડી પળથી કરવી જોઈએ ?

**દિનેશ–** તે કલ્પના આગમ સમ્મત તો છે જ નહીં તથા વ્યવહાર સંમત પણ નથી. કારણ કે આગમમાં પર્વ તિથિઓ ૬ બતાવેલ છે. બે આઠમ, બે ચૌદશ, અમાશ અને પૂનમ. તથા બે પાંચમ, બે અગિયારશ અને બે બીજ એપર્વ તિથિઓ પણ જૈન સમાજમાં માન્ય છે. આ સર્વે તિથિઓના દિવસે ઉપવાસ પૌષધ તથા અન્ય ત્યાગ નિયમ શ્રમણ વર્ગ તથા શ્રમણોપાસક વર્ગમાં થાય છે. તે સર્વે લોકો આ પર્વ તિથિઓના વ્રતારાધન જાહેર તિથિએ જ કરે છે. અસ્તતિથિએ નથી કરતા આ સત્ય બાબત છે. તેથી અસ્તતિથિએ પર્વતિથિની વ્રતારાધનાની કલ્પના સત્ય કે વાસ્તવિક નથી અને ઘડી પળમાં પર્વતિથિએ વ્રતારાધનાની વાત પણ પૂણરીતે વ્યવહાર વિઢદ્ધ અને આગમ વિઢદ્ધ છે. અર્થાત્ પાંચમ,આઠમ,ચોથ વગેરે જ્યારે જે ઘડી પળથી શરૂ થઈ અને જે ઘડી પળમાં સમાપ્ત થાય તેના મધ્યકાળના સમયમાં તે તિથિના વ્રત,નિયમ,ઉપવાસ,પૌષધ-વ્રત વગેરે કરવા મૂર્ખતા હશે. જેમ પાંચમના ઘડી પળ, દિવસના બે વાગ્યે શરૂ થઈ અને બીજે દિવસે ૧૨વાગ્યે સમાપ્ત થતો ઉપવાસ, લિલોતરી ત્યાગ,પૌષધ, મૌનવ્રત વગેરે

કયા પ્રકારે કરવામાં આવશે? એવા ઘડી પળની તિથિનો ઉપવાસ વગેરે નિંદા પાત્ર થશે. તેથી અસ્તતિથિ અને ઘડી પળની પર્વ તિથિએ વ્રતારાધના ન કરીને પ્રસિદ્ધ તિથિએ કરવા જોઇએ.

**જિજ્ઞેશ–** પાંચમ તિથિ ક્ષય કે વૃદ્ધિ થવા પર શું કરવું જોઇએ ?

**દિનેશ–** આગમોક્ત અન્ય પર્વ તિથિઓની વૃદ્ધિ કે ક્ષય થાય ત્યારે જે નિર્ણય લેવામાં આવે છે. અર્થાત્ તે તિથિના વ્રત-નિયમ તથા ઉપવાસ વગેરે જે રીતે કરવામાં આવે છે તે જ રીતે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય થાય ત્યારે નિર્ણય કરી લેવો જોઇએ .

**જિજ્ઞેશ–** પર્યુષણમાં અઠ્ઠાઇ ક્યા દિવસે આવવી જોઇએ ?

**દિનેશ–** આગમમાં માત્ર સંવત્સરીના એક જ દિવસનો ઉલ્લેખ તથા તે બાબત વિધાન છે. તેથી તેનો સાચો નિર્ણય કરવો એ પુરતું છે. પછી એ હિસાબથી સાત દિવસ પહેલાથી કોઈ પણ તિથિએ અઠ્ઠાઇ કરવામાં શાસ્ત્રમાં કોઈ વિરોધ નથી.

**જિજ્ઞેશ–** પર્યુષણમાં પાખી વગેરે ક્યા દિવસે આવવી જોઇએ ?

**દિનેશ–** એમાં પણ સંવત્સરીના દિવસનો અવરોધ નથી. અન્ય પાખીના દિવસોના નિર્ણય પ્રમાણે આ પાખીનો પણ નિર્ણય કરી લેવો જોઇએ. એટલે કે પર્યૂષણમાં પાખી બીજે દિવસે આવે કે ત્રીજે દિવસે આવે અથવા ચૌથા દિવસે. આમાં આગમનો કોઈ વિરોધ થતો નથી.

**જિજ્ઞેશ–** ઉપરોક્ત ચર્ચા મુજબ પાખી વગેરેનો નિર્ણય પણ અસ્ત તિથિ ઘડી પળથી ન કરવો જોઇએ શું ?

**દિનેશ–** શ્રમણ માટે પાખી વગેરે પર્વ દિવસ ઉપવાસ વ્રત નિયમની પ્રમુખતાથી જ હોય છે. તેથી પક્ષનો અંતિમ દિવસ અમાશ પૂનમ જ્યારે પંચાંગ મુજબ હોય અર્થાત્ જાહેર અમાસ પૂનમના જ પાખી પર્વ સ્વીકારવા જોઇએ.

**જિજ્ઞેશ–** અમાશ કે પૂનમનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે શું કરવું ?

**દિનેશ–** જેવું અન્ય આઠમ વગેરે પર્વ તિથિઓના ક્ષય થવાથી તે તિથિનું વ્રત નિયમ વિગેરે કરવાનો વ્યવહાર છે એ જ રીતે પાખી પર્વ માટે પણ સમજી લેવું જોઇએ. ધ્યાન એટલું જ રાખવાનું કે પાખી પર્વના દિવસ પછી બીજે દિવસે આગળનો પક્ષ આવી જવો જોઇએ. કારણ કે પાખી પર્વનો અર્થ એ છે કે પક્ષના અંતિમ દિવસની આરાધના .

**જિજ્ઞેશ–** જ્યારે ભાદરવા મહિનો વૃદ્ધિ પામે અર્થાત્ જે વર્ષે બે ભાદરવા મહિના







હોય તો ભાદરવા સુદ પાંચમની સંવત્સરી પ્રથમ ભાદરવામાં કરવી જોઇએ કે બીજા ભાદરવામાં ?

**દિનેશ–** જ્યારે અન્ય મહિના વધે છે ત્યારે તે મહિનામાં આવતા પર્વ જે રીતે કરવામાં અને તે જ રીતે ભાદરવા મહિનો વધવાથી સંવત્સરી પર્વની આરાધના કરવી જોઇએ.

**જિજ્ઞેશ–** અન્ય મહિના વધવાથી ક્યું પર્વ ક્યારે કરવામાં આવે છે તે પણ સ્પષ્ટ કરો ?

**દિનેશ– અષાઢ** મહિના બે હોય તો અષાઢી ચૌમાસી બીજા અષાઢમાં કરવામાં આવે છે. **શ્રાવણ** મહિના બે હોય તો રક્ષાબંધન બીજા શ્રાવણમાં કરવામાં આવે છે.**ભાદરવા** મહિના બે હોય તો ગણેશ ચતુર્થી બીજા ભાદરવામાં કરવામાં આવે છે. બે ભાદરવા હોય તો ઋષિ પંચમી બીજા ભાદરવામાં આવે છે. **કારતક** બે હોય તો કારતક ચૌમાસી પાખી પર્વ બીજા કારતકમાં મનાવવામાં આવે છે. **ફાગણ** બે હોય તો ફાગણની ચૌમાસી પાખી બીજા ફાગણમાં કરવામાં આવે છે. **ચૈત્ર** બે હોય તો મહાવીર જયંતિ, આયંબિલ ઓળી આરાધના બીજા ચૈત્રમાં કરવામાં આવે છે. **વૈશાખ** બે હોય તો અખાત્રિજ બીજા વૈશાખમાં મનાવવામાં આવે છે. એટલા માટે **ભાદરવા** બે હોય તો ભાદરવા સુદ પાંચમની સંવત્સરી પર્વ બીજા ભાદરવામાં કરવું જોઇએ.

**જિજ્ઞેશ–** બે શ્રાવણ હોય તો સંવત્સરી ક્યારે કરવી જોઇએ ?

**દિનેશ–** સંવત્સરી ભાદરવા માસનું પર્વ છે શ્રાવણ મહિના બે હોય કે એક, સવંત્સરી માટે તો ભાદરવા સુદ પાંચમ જ નિશ્ચિત તિથિ છે અને નિશ્ચિત તિથિમાં ફેરફાર કરી પર્વ આરાધના કરવા માટે નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત બતાવેલ છે. તેથી ભાદરવો મહિનો અને પાંચમની તિથિમાં પરિવર્તન કે ફેરફાર કરવો એ આગમ વિઢદ્ધ સમજવું જોઇએ.

**જિજ્ઞેશ–** અષાઢી ચૌમાસીના પચાસમા દિવસે સંવત્સરી કરવી જોઇએ એવું શાસ્ત્રમાં છે ને ?

**દિનેશ–** આ એક કલ્પના છે. પચાસ કે ઓગણપચાસ દિવસ એવી કોઈ સંખ્યા કોઈ આગમમાં નથી. એ માટે જે કોઈ આગમનું નામ લેવામાં આવે છે તે તો શાસ્ત્રના નામની માત્ર કલ્પિત ધારણા છે .

**જિજ્ઞેશ–** મહિનો વધે ત્યારે એ પર્વ બીજા મહિનમાં કેમ કરવામાં આવે છે ?

**દિનેશ–** મહિનો વધે ત્યારે પહલો મહિના નપુંસક માસ કહેવામાં આવે છે. વધનાર મહિનાને આગળ દર્શાવેલ દરેક પર્વો માટે ગૌણ-નગણ્ય માનવામાં આવે છે અને બીજા મહિનાને જ મૂળ વાસ્તવિક મહિનો માનવામાં આવે છે. આ વિષયની બીજી સૂક્ષ્મ ચર્ચાઓ છે જે બીજેથી જાણવી.

**જિજ્ઞેશ–** ધર્મ કાર્ય તો પહલાં કરવું જોઇએ, તેને આગળના મહિનામાં ન કરવું જોઇએ ?

**દિનેશ–** કોઇ પણ કાર્ય માટે નિશ્ચિત કરેલ દિવસ છે તેનાથી પહેલાં-પહેલાં કરતા જવાથી અવ્યવસ્થા થાય છે. જ્યારે ચૌમાસી, મહાવીર જયંતિ, અક્ષય તૃતીયા વગેરે કોઈ માટે પહલા મહિનામાં કરવાનો સંકલ્પ કરવામાં આવતો નથી. તો પછી માત્ર સંવત્સરી માટે એવો સંકલ્પ કેમ કરવો જોઇએ ? જ્યારે એ માટે તો,એક નિશ્ચિત દિવસે જ કરવી,પરિવર્તન-ફેરફાર ન કરવો, એવી આગમ આજ્ઞા છે અને પરિવર્તન કરવાથી નિશીથ સૂત્ર પ્રમાણે ગુઢચૌમાસી પ્રાયશ્ચિત્ત પણ કહેવામાં આવેલ છે. તેથી જો ધર્મકાર્ય પહેલાં કરવાનું મહત્ત્વ હોત તો ઉપર દર્શાવેલ સર્વે પર્વ પણ મહીનો વધે ત્યારે પહલા મહીનામાં કરવા જોઇએ, પરંતુ એવું કરવામાં આવતું નથી. તેથી એ કથનનું મહત્ત્વ નથી.

**જિજ્ઞેશ–** આ આગળની ચર્ચાનો સાર શું થયો ?

**દિનેશ–** કોઇ પણ મહિનો કે તિથિ વધેતો સંવત્સરી પર્વની નિશ્ચિત તિથિ ભાદરવા સુદ પાંચમમાં કોઈ ફેરફાર કરવો જોઇએ નહીં. પ્રતિક્રમણના સમય માટે ઘડીપળ ની ભાંજગડમાં ન પડવું જોઇએ. જાહેર તિથિ મુજબ પર્વ દિવસનો ઉપવાસ પૌષધ વગેરે વ્રત નિયમ કરવા જોઇએ. જે પ્રમાણે અન્ય મહિનામાં ધાર્મિક પર્વ કરવાનો નિર્ણય લેવામાં આવે છે તે રીતે સરળતા પૂર્વક સંવત્સરી પર્વનો નિર્ણય કરવો જોઇએ .

**જિજ્ઞેશ–** આગામી વર્ષ ૨૦૪૯ ની ભાદરવા સુદી પંચમી ક્યારે છે ?

**દિનેશ–** પંચાંગમાં ૩૧ ઓગષ્ટના ગણેશ ચતુર્થી, ભાદરવા સુદ ચોથ લખેલ છે અને ૧ સપ્ટેમ્બરના ભાદરવા સુદ પાંચમ ઋષિ પંચમી લખી છે .

**જિજ્ઞેશ–** આ વર્ષની ઘડી પળની અસ્તની પાંચમ ક્યારે છે ?

**દિનેશ–** આ વર્ષે ભાદરવા સુદ ચોથને દિવસે સૂર્યાસ્ત સમયે ચોથ હોવાથી પંચાંગમાં ગણેશ ચતુર્થિ લખેલ છે, તેથી તે દિવસ તા ૩૧ ઓગષ્ટના અસ્તની ઘડી પળની પાંચમ નથી. તેથી ભાદરવા સુદ પાંચમના દિવસે સૂર્યાસ્તના પહેલાં







જ પાંચમ સમાપ્ત થઈ જાય છે. તેથી તે દિવસે પણ ઘડી પળની અસ્ત તિથિની પાંચમ નથી છતાં પણ પંચાગમાં સૂક્ષ્મ ગણિત મુજબ ઋષિપંચમી ભાદરવા સુદ પાંચમના જ લખી છે.

**જિજ્ઞેશ–** આ સ્થિતિમાં આ વર્ષે સંવત્સરી અસ્ત તિથિની માન્યતા વાળા અને જાહેર તિથિની માન્યતા વાળા એક જ દિવસે પાંચમ કરશે ? કારણ કે ચોથના આખા દિવસે પાંચમ છે જ નહીં ?

**દિનેશ–** પોત પોતાની પરંપરાના આગ્રહને લઈને કોઈ ચોથના ન પાંચમ માનશે અને ચોથના સંવત્સરી કરશે અને કોઈ ઋષિ પંચમી તથા જાહેર પાંચમના સવંત્સરી કરશે. આ રીતે આ વર્ષે પણ સંવત્સરી પર્વમાં ભેદ ભાવ રહેશે.

**જિજ્ઞેશ–** તો આપણે ક્યા દિવસે કરવી જોઇએ ?

**દિનેશ–** જે ક્ષેત્રમાં અને સમાજમાં આપણે રહીએ છીએ તે સમાજની એકતા,શાંતિ સમાધિ જે પ્રકારે રહે, પ્રેમ વાત્સલ્યતા જે પ્રકારે રહે, તે દિવસે આપણે સંવત્સરી પર્વની આરાધના કરવી જોઇએ, અને સંપૂર્ણ જૈન સમાજને જાહેર પાંચમની સંવત્સરી કરવાની ખાસ પ્રેરણા મળે એવા પ્રયત્ન ચાલુ રાખવા જોઇએ. જેથી સંપૂર્ણ જૈન સમાજની કાયમી એકતા તથા જિનાજ્ઞા પ્રમાણે સાચી આરાધના થઈ શકે.

**તિથિ નિર્ણય(રાજેન્દ્ર કોષમાંથી) પારાસર સ્મૃતિ વિગેરેમાં :–**

**आदित्योदय वेलायां, या स्तोका पि तिथि र्भवेत् ।**
**सा संपूर्णा इति मन्तव्या, प्रभूता नोदयं विना ॥**

**અર્થ–** સૂર્યોદયના સમયે થોડી વાર માટે પણ જે તિથિ હોય તેને જ સંપૂર્ણ તિથિ રૂપે માન્ય કરવી જોઇએ. સૂર્યોદયની સમયે ન હોય અને પછી અનેક કલાકો માટે પણ હોય તો તે તિથિ માન્ય ન કરી શકાય.उमास्वाति वाचक प्रघोषश्चैवं उच्यते –

**क्षये पूर्वा तिथि कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।**
**एवं पौषधादिना पर्व दिवसा, आराध्या इति पर्व कृत्यानि ॥**

**અર્થ –** કોઈ પણ તિથિનો ક્ષય થતો હોય તો તે તિથિનું ધર્મકાર્ય પહેલાંની તિથિના દિવસે કરવું જોઇએ. કોઈ પણ તિથિની વૃદ્ધિ થાય ત્યારે બીજા દિવસે તે તિથિનુ કાર્ય કરવું જોઇએ. આ પ્રકારે સ્વીકારી પૌષધ વગેરે પર્વ દિવસોની આરાધના કરવી જોઇએ– **उमास्वातिवाचक वचन प्रमाण्याद् वृद्धौ**

सत्यां स्वल्पापि अग्रेतना तिथिः प्रमाण्यम् ।

**અર્થ–** ઉમાસ્વાતિ આચાર્યના વચનને પ્રમાણ ગણીને તિથિની વૃદ્ધિ થાય ત્યારે બીજે દિવસે અલ્પ સમયની તિથિ હોય તો પણ આગલા દિવસની પર્વ તિથિ માનવી જોઈએ.–**અભિધાન રાજેન્દ્ર કોશ ભાગ–૪, ' તિહિ ' શબ્દ.**

### પ્રેરક વિચાર

**– શ્ર.સં.મહામંત્રીશ્રી સૌભાગ્યમલજી મ.સા.**

જો કે આપણી પરંપરા અસ્ત તિથિની રહી છે પરંતુ તેથી બહુ અવ્યવસ્થા થઈ ગઈ છે. ક્યારેક ચોથ,ક્યારેક પાંચમ, ક્યારેક ચૌદશ, ક્યારેક પૂર્ણિમા, એમ દરેક પર્વમાં શંકા ફેલાઈ ગઈ છે. હવે સમાજ વિસ્તાર પામેલ છે, સુધારવાદીઓ પણ નિર્ણય ઇચ્છે છે, દરેક જગ્યાએ તિથિઓના ફેરફારનો નિર્ણય જલ્દી પહોંચી શકતો નથી. તેથી સમસ્ત સ્થાનકવાસી સમાજે એક મત થઈ ઉદય તિથિ સ્વીકારી લેવી જોઈએ .

શ્વે.મૂર્તિપૂજક જૈન ઉદય તિથિના આધારે ચોથના દિવસે સંવત્સરી ચોક્કસ પણે કરી લે છે, શ્વે.સ્થા.તેરાપંથી જૈન પણ ઉદયના આધારે પાંચમ કરી લે છે, દરેક જૈન સમાજ ચોક્કસ તિથિની માન્યતા રાખે છે, માત્ર સ્થાનકવાસીઓમાં જ આ બે મત છે–ક્યારેક ચોથ,ક્યારેક પાંચમ આ સ્થિતિ સમાપ્ત થવી જોઈએ. વિચાર કરવો.







# આગમ સંમત એકલવિહાર અને સંવત્સરી

## [કડવા સત્યનું નિરીક્ષણ]

(૧) સાધુના એકલ વિહારની એકાંત મનાઈ ૩૨ સૂત્રમાં નથી.

(૨) સાધુનો બીજો મનોરથ જ એકલ વિહાર છે.

(૩) એકલ વિહારી સાધુ આચાર્યની શિષ્ય સંપદામાં હોય છે.

(૪) સાધ્વી માટે એકલ વિહારની સ્પષ્ટ મનાઈ વ્યવહાર સૂત્રમાં છે. છતાં પણ ૨૦૬ એકલ વિહારી સાધ્વીઓનું વર્ણન જ્ઞાતાસૂત્રમાં કરેલ છે, તે દરેક નો બે ભવ પછી મોક્ષ બતાવેલ છે.

(૫) આચાર્ય ઉપાધ્યાયને પણ એકલ વિહારની મનાઈ છે .

(૬) આચાર્યના કર્તવ્યમાં શિષ્યને એકલ વિહારની ચર્યાનું શિક્ષણ આપવાનું પણ કહેલ છે.– **દશાશ્રુત સ્કંધ સૂત્ર.**

(૭) પંચાંગમાં લખેલ **ભાદરવા સુદ પાંચમની** નક્કી કરેલ સંવત્સરી ન કરનાર સાધુ-સાધ્વી સર્વેને નિશીથ સૂત્ર ઉદ્દે.૧૦ મુજબ ગુઢચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે આ આગમ સિદ્ધ તત્વ છે. તેને અવગણીને કોઈ કાંઈ પણ કરે કે કહે તો આ પાંચમો આરો છે, સૌ પોત-પોતાની મરજીથી ચલાવતા રહે છે. કોઈ પણ તર્ક યક્ત કરવો હકીકતમાં આંખ આડા કાન કરવા બરાબર, જોહુકમીથી આંધળા બનવા જેવું છે.(આ પુસ્તકમાં સવંત્સરી વિચારણા શુદ્ધ મનથી વાંચી જવી)

(૮) આધાકર્મી આહાર કે પાણી જે ગચ્છમાં જ્યાં પણ ભોગવવામાં આવે છે તે ગચ્છનો ત્યાગ કરી એકલ વિહાર કરવાની સ્પષ્ટ પ્રેરણા સૂયગડાંગ સૂત્રમાં અધ્ય.૧૦,ગાથા ૧૧,૧૨માં કરવામાં આવી છે. અને તેમ કરવાથી મુક્તિ થવાનું સ્પષ્ટ આશ્વાસન આપેલ છે.**(ઉલટા સીધા અર્થ કરી સાચા અર્થને છુપાવવો તે પાપ કાર્ય છે)**

(૯) તેથી જે ગચ્છવાળા ઘમંડી શ્રાવક-સાધુ એકલ વિહારનો વિરોધ,નિન્દા, કે અવહેલના કરી એકલ વિહારી સાધુને અસાધુ અને સંસાર પ્રરિભ્રમણ વધારનારનું પ્રમાણપત્ર આપતા ફરે છે તે સ્પષ્ટ પણે સૂત્ર વિઢદ્ધના પ્રચારક છે. તેને જૈન તથા આગમ શ્રદ્ધાવાળા કહેવામાં પણ શરમ આવી જોઈએ. જ્યારે આચાર્ય ઉપાધ્યાય બે પદ વગર કોઈ મોટોગચ્છ રહી શકતો નથી. તથા સાધુ પણ આચાર્ય ઉપાધ્યાય બે પદ વગર રહી શકતા નથી એ સ્પષ્ટ શાસ્ત્રસિદ્ધ વાત છે. છતાં પણ કેટલાક મોટાગચ્છ ઠાઠ-માઠથી બન્ને પદવીધારકો વગર ફરે છે, હકીકતમાં જિનાજ્ઞાના

પાકા ચોર તથા બેશર્મ થઈને શાનથી સમાજમાં જીવે છે. તેને કોઈ આગમની સાચી આંખથી જોવા સમજવા પણ નથી ઈચ્છતા. અને સમયે સમયે એકલ વિહારને આગમ વિરુદ્ધ કહીને સૂત્ર વિરુદ્ધની પ્રરૂપણાનું પાપ કરવામાં લાજતા નથી. જ્યારે હરિકેશી અને ગર્ગાચાર્યએ એકલ વિહાર કરી મુક્તિ પામ્યાનું અધ્યયન સૂત્ર બતાવે છે. તેને પૂર્વોનુ કોઈ જ્ઞાન પણ ન હતું. ચોથા આરામાં ૧૪૦૦૦ સાધુ સમાજ હોવા છતાં, ૫૦૦ શિષ્યો માંથી એકને પણ ન સંભાળી શકનાર સાધક એકલ વિહારથી મોક્ષ પામી શકે છે.

(૧૦) આજના ઉત્કૃષ્ટ સમાચારી પાલક શ્રમણ એકલ વિહારીને જોઈ બોલી ઉઠે છે કે ' જે કોઈ સંત એકલા વિચરણ કરે છે તેને સંસારી બનાવી ઘેર મોકલી દેવા જોઈએ. ' બીજાની પંચાત કરવાવાળા સાધકોની આ ભાષા સમિતિ ભાવભંગી કેવી છે ? જ્યારે આગમકાર અતિવૃદ્ધ એકલા અને છત્ર,જૂતા,ડંડા,લાઠી,ભૃષિકા વગેરે અનેક ઉપકરણ રાખવા વાળા પ્રત્યે વ્યવ.સૂત્ર, ઉદ્દે.૮, સૂત્ર-૫માં અનુકંપા અને સહાનુભૂતિના વાક્યવાળા પાઠ રાખે છે. ધાર્મિક સાધક વિચારે! ક્યાં આગમ પાઠ અને ક્યાં આચારનો ઈજારો રાખવા વાળાની ભાષા ભાવભંગી. એક સાધુના સંસારી બની જવાથી સમસ્ત જીવન ભરની પાપ ક્રિયાઓના અનુમોદક પ્રેરક થવામાં પણ તે ઉત્તકૃષ્ટાચારી કહેવાતાને શરમ આવતી નથી. પોતાના દ્રવ્યાચારના અહંકારમાં અહંકારી થયેલ આત્માઓ ક્યારેય પણ આવા આગમ પાઠોનું ચિંતન કરી સ્વદોષ દર્શન કરી શકતા નથી. તેને ક્રિયાના અર્જીણરૂપ અભિમાનમાં બીજાના દોષ જ દેખાય છે, સ્વદોષ દર્શન પણ નહીં, સરળતા નમ્રતાના અભાવે સુધરવાની ભાવના પણ નથી થાતી. દુઃખ થાય છે કે પોતાને જિન શાસનના સાચા સાધક કહેવડાવા વાળાઓમાં ભાવભાષાની વિવેક હીનતાનો કેવો વિરોધી સંયોગ ! પાંચમા આરાનો કાળ પ્રભાવ જ એવો છે તેમ માનીને સંતોષ રાખવો પડશે.

પોતાને આજના શુદ્ધાચારી કહેવડાવનારમાં પોતાના અહંકારના કારણે ભાવભાષાનો અવિવેક એટલો જોર કરીગયો છે કે સાધુ શ્રાવક બન્નેના વિવેક અને જાગૃતિની આંખો બંધ થઈ રહેલ છે. જેનાથી આવનાર દિવસોમાં સમાજમાં ભાવ ગંદકીનો કચરો ફેલાવી સ્વ પર બન્ને માટે વાતાવરણ દૂષિત કરી દરેક પક્ષ બીજા પક્ષવાળાને રાગ દ્વેષમાં રત રહેવા માટે પ્રેરક તથા નિમિત બને છે. ઉપરથી ધાર્મિક દેખાતા અંદરખાને વિદ્વેષી, વિસમભાવી, અવિવેકી હોવાથી સમ્યક્ત વગરના બને છે કારણ કે સમસંવેગ એ સમકિતના મુખ્ય પ્રધાન લક્ષણ છે.







**સંવત્સરી કરવાનો અર્થઃ**– ચૌવિહારો ઉપવાસ કરવો, ગાયના રોમ જેટલા વાળ હોય તો લોચ કરી લેવો. સમાચારિક નિયમોનું પ્રેક્ષણ અનુપ્રેક્ષણ કરવું. કષાય ક્લેશ મનભેદ અબોલાને સમાપ્ત કરી દેવા આગળ ન વધારવા. વર્ષ દરમિયાન લાગેલ પ્રાયશ્ચિત્તને તપ વગેરે દ્વારા ઉતારી દેવા. આ સવંત્સરી સંબંધી વિશિષ્ટ કર્તવ્ય છે. –**દશાશ્રુત સ્કંધ તથા નિશીથ સૂત્ર.**

પ્રતિક્રમણ તો સાધુ-સાધ્વીનું ઉભયકાળ બન્ને સમયનું દરરોજનું કર્તવ્ય છે જ, સંવંત્સરીના વિશિષ્ટ કાર્યો ઉપર આપેલ છે.

**પ્રશ્ન–** શું સંવત્સરી પ્રતિક્રમણ કરવું એ વિશિષ્ટ કર્તવ્યોમાં નથી ?**ઉત્તર–** નિશીથ સૂત્રમાં જેટલા પ્રાયશ્ચિત્ત સંવત્સરી સંબંધી કહેલ છે, તેમાં પ્રતિક્રમણ સંબંધી કથન નથી. આ તો હંમેશ માટે ઉભયકાળ બન્ને સમયનું આવશ્યક કર્તવ્ય છે.

**પ્રશ્ન–** શું સંવત્સરી પ્રતિક્રમણ આગળ-પાછળ કરવાથી ગુઢચૌમાસી પ્રાયશ્ચિત્ત નથી આવતું ? **ઉત્તર–** ના, એવું કાંઈ પણ નથી. પ્રાયશ્ચિત્તની ખોટી પ્રરૂપણા કરનારને પોતાને જ તે પ્રાયશ્ચિત્ત આવે છે.

**જ્ઞાતાસૂત્રમાં**– ૨૦૬ એકલ વિહારી સાધ્વીઓના મોક્ષ જવાની વાત ઉદારતાથી બતાવેલ છે. જ્યારે તે કલ્પનાતીત શિથિલ આચાર વાળી હતી. આ જિન શાસનની વિશાળતા છે. છતાં પણ સંકુચિત માનસ વાળા અનંત સંસાર પરિભ્રમણની વાતો કરે છે કે ગુઢઆજ્ઞામાં ન રહેનાર ક્યારેય મોક્ષે જઈ શકે નહી.

**સાર–** નવ દીક્ષિત=ત્રણ વર્ષની દીક્ષાવાળા, ડહર-બાલક=૧૬ વર્ષની ઉમર તથા તઢણ=૪૦ વર્ષ સુધીની ઉમરવાળા. આ ત્રણેય પ્રકારના સાધુઓને આચાર્ય-ઉપાધ્યાય વગરના ગચ્છમાં રહેવાનું કલ્પતુ નથી અને આ ત્રણેયને એકલવિહાર કરી આચાર્ય ઉપધ્યાય વગર સ્વતંત્ર રહેવાનું પણ કલ્પતું નથી. તાત્પર્ય એ છે કે આચાર્ય ઉપાધ્યાય વગર ગચ્છવાળાને પણ રહેવાનું કલ્પતુ નથી અને ઉપર કહેલ ત્રણને પણ એકલા રહેવું કલ્પતું નથી, તેથી એકપક્ષીય વાતો કરવી વ્યર્થ છે.

જે પણ સાધુ-સાધ્વી અથવા શ્રાવક-શ્રાવિકાઓ કોઈ પણ પ્રાણી પ્રત્યે અથવા કોઈ પણ જૈન સાધુ-સાધ્વી કે સંઘ સાથે વેર-વિરોધ, અણબનાવ, અબોલા, નિન્દા, ઘૃણા કે તિરસ્કારનો ભાવ વર્ષો સુધી ખતમ કરતા નથી અને વધારતા રહે છે, અંતર વધારતા રહે છે, તે સર્વે અંદરથી તો મિથ્યાદષ્ટિ હોય છે એની વાસ્તવમાં ક્યારેય સંવત્સરી હોતી નથી. તે બાહ્યદષ્ટિથી જ સાધુ-શ્રાવક હોય છે પરંતુ ખરેખર તો તેઓ પહેલા ગુણસ્થાનકે જ રહે છે. તેથી જૈન કહેવડાવવા વાળા

મોટા ભાગના લોકોને જૈનત્વ સુરક્ષિત રાખતા પણ નથી આવડતું, ભલે ગમે તેટલી મોટી વાતો કરતા રહે.

ભગવદાજ્ઞાને સ્વીકારનાર તથા સરળ સ્વભાવી નમ્ર, કષાયોપશાંત પ્રકૃતિવાળાને જ **વાસ્તવિક** જૈન તેમજ **સ્થાઈ જૈન** કહી શકાય છે. કટ્ટરપંથી અને દુરાગ્રહી તથા જિદ્દી-મહાજિદ્દી પ્રકૃતિવાળા સાધક પોતાના આત્માને છેતરનાર તથા સમાજને તોડનાર હોય છે. એની દુર્ગતિ રોકવી અશક્ય હોય છે અર્થાત્ એવા ધાર્મિક દેખાતા સાધક પણ દુર્ગતિના યાત્રિક હોય છે.ગચ્છમાં રહેનારને આગમઆજ્ઞા, ગુઢઆજ્ઞા અને ગચ્છ સમાચારીનું પાલન કરવું નીતાંત જરૂરી હોય છે. બહુશ્રુત બન્યા વગર એકલા વિચરવું કે સંઘાડાના મુખી બનવાનું કલ્પતું નથી. એકલવિહારીએ દરેક આજ્ઞાઓનો પ્રમાણિક પણે પાલન કરવું નીતાંત આવશ્યક હોય છે, હંમેશા અભિગ્રહ ધારીને ગોચરીએ જવાનું હોય છે તથા સુતાં-ઉઠતા આત્મચિંતન, સ્વદોષ દર્શન કરવું પણ જરૂરી હોય છે.

કોઈ કેટલી પણ ખોટી પ્રરૂપણા કરી એકલવિહારનો વિરોધ કરે તો પણ પ્રાયઃ દરેક ગચ્છોમાં એકલવિહારી થતાં રહે છે. સારા યોગ્ય એકલવિહારી સાધક આચાર્યની નિશ્રામાં તૈયાર કરવામાં નહીં આવે તો ખોટા અને અયોગ્ય એકલવિહારી તો થવાના જ છે. જિન શાસનમાં હંમેશા સારા-ખરાબ એકલ વિહારી થતા રહ્યા છે. બન્ને પ્રકારનું વર્ણન– **આચા.સૂત્ર,અધ્ય.૫,૬માં** આપેલ છે. વિશેષમાં મોટી વાત તો એ છે કે આગમમાં એકાંત નિષેધ હોવા છતાં સાધ્વીઓ પણ એકલવિહારી થતી રહી છે અને સ્પષ્ટ રૂપથી આજ્ઞા વિરુદ્ધ હોવા છતાં થોડા જ ભવમાં જલ્દી મોક્ષ જવાવાળી પણ થઈ જાય છે– **જ્ઞાતાસૂત્ર,અધ્ય.૧૬ તથા બીજુ શ્રુતસ્કંધ.** આ માટે એકાંત ખોટી પ્રરૂપણા(અનંત સંસાર ભ્રમણ કરાવે તેવું કથન) કરવાવાળા હોશિયાર ઘમંડી પંડિત કહેવાતા લોકો તો અસત્યનો દોષ લગાવી પાપ જ બાંધે છે.

આજે કોઈ એક ગચ્છમાં સંપ્રદાય સ્વીકૃત ૧૦ એકલવિહારી પણ વિચરે છે. શ્રમણ સંઘમાં ૧૨૦૦ સાધુ-સાધ્વીનો સમુદાય હોવા છતાં પણ ૧૦-૨૦-૨૫ સાધુ-સાધ્વી સંઘની સ્વીકૃતી સાથે વિચરે છે. તેમ છતાં અભિમાની ગચ્છવાળા લોકો દયાપાત્ર એકલવિહારીને આજ્ઞા બહાર જાહેર કરીને નિર્દયતા પૂર્ણ વ્યવહાર કરી પાપ બાંધવામાં શરમાતા નથી.







## સાર વાક્ય

**(૧)** અપરિપક્વ સાધુએ ગુઢના સાંનિધ્યમાં રહવું જરૂરી હોય છે.– **સૂય.૧૪.** અર્થાત્ પરિપક્વ સાધુ=શ્રુતજ્ઞાન વગેરે ગુણ સંપન્ન સાધુ સમય આવ્યે યોગ્ય સાધના કરી શકે છે.

**(૨)** અવ્યક્ત સાધુએ ગુઢ સાંનિધ્ય ન છોડવું.– **આચા.પ્રથમ.** અર્થાત્ કષાય વિજયી અને પરિષહ વિજયી સાધુ એકલવિહાર વગેરે સાધના કરી શકે છે.

**(૩)** સ્વતંત્ર મોટા થઈને વિચરણ કરનાર સાધુ શ્રુતસંપન્ન અને અનેક ગુણ (વિચક્ષણતા-બુદ્ધિમત્તા-નિડરતા વગેરે) વાળા હોવા જરૂરી છે. સામાન્ય પાત્રતા વાળા સાધુ મુખી બની ગોચરી, વિચરણ, વ્યાખ્યાન વગેરે કરી શકતા નથી અને ગુઢ બની શકતા નથી.

**(૪)** બે પદવીધારી(આચાર્ય-ઉપાધ્યાય)વગર વિશાળ ગચ્છને ચલાવવો જિન શાસનનો અપરાધ છે તથા એવા ગચ્છમાં નવદીક્ષિત,ડહર અને તઢણ(૪૦ વર્ષથી ઓછી ઉમરના)શ્રમણોએ રહવું કલ્પતું નથી.– **વ્યવહાર સૂત્ર.**

**(૫)** પરિપૂર્ણ ધૈર્ય(સહનશીલ) તથા અદમ્ય(અપાર)ઉત્સાહ,આ બે ગુણ વિશેષ હોય તો સ્વતંત્ર વિચરણની યોગ્યતા(છ ગુણ)વાળા સાધુ એકલવિહાર કરી શકે છે. પૂર્વના જ્ઞાનનો નિયમ આગમનો નથી જુઓ **અંતગડ સૂત્રમાં**–૧૧ અંગ સૂત્રના જ્ઞાતા અનેક શ્રમણોએ ભિક્ષુની પડિમા ધારણ કરી હતી.

**(૬)** એકલવિહારનો એકાંત વિરોધ કરવો અને નિંદા કરવી એ ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપ કરવા સમાન છે.

**(૭)** આચાર્ય-ઉપાધ્યાય વગર ગચ્છ ચલાવવો તે ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન છે.

**(૮)** નાના ગચ્છમાં પણ એક પ્રવર્તક પદ હોવું જરૂરી હોય છે.

**(૯)** પ્રકૃતિની શાંતિ, ઉંડી ગંભીરતા તથા આચાર નિષ્ઠ અને શ્રુત-સંપન્ન,શક્તિ-સંપન્ન સાધુ એકલવિહાર કરી કર્મ નિર્જરા કરે તો તે આચાર્યની સાધુ સંપદામાં હોય છે.

**(૧૦)** યોગ્યતા સંપન્ન સાધુને એકલવિહારની મનાઈ ફરમાવવાથી જ અયોગ્ય સાધુ જાતે એકલવિહારી બની જાય છે. આ જ સમાજમાં ખોટ છે.